RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


Date:- 11-08-2026 I VOL : 12 I Issue : 147 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર

સતત પ્રયત્ન જ જીતનો માર્ગ છે. હંમેશા આશાવાદી રહો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  1500 કરોડની આઇટી રિકવરીથી શુગર મિલો અને શેરડી પકવતા ખેડૂતો પર...


4  અયોધ્યામાં રામલલાના દાનપાત્રમાં ચોરી બાદ ભક્તોની આસ્થાને...

6  1400 કરોડની 'વારાણસી' જ નહીં, પણ હોલીવુડના કરોડોના 4 પ્રોજેક્ટ...

7  ઈંગ્લેન્ડના બેટરની વન-ડેમાં તોફાની બેટિંગ, 37 બોલમાં ફટકાર્યા...

## એક નજર...

### સોનલ ચૌહાણે કેમેરા સામે આપ્યા કિલર પોઝ



સોનલે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની તસવીરો પોસ્ટ કરી છે જે ખુબ વાયરલ થઈ રહી છે. હાલમાં જ તેના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો સોશિયલ મીડિયા પર રિલીઝ થઈ છે. જેને ફેન્સ તરફથી ખુબ લાઈક્સ મળી રહી છે.આ ફોટામાં સોનલ ચૌહાણ તેના પરફેક્ટ ટોન્ડ ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે.

## NEWS TRACK

### રશિયામાં 1000 કિમી અંદર ઘૂસીને યુક્રેનનો ઘાતક ડ્રોન ઍટેક! 12ના મોત, ઓઇલ પ્લાન્ટ તબાહ

રશિયા-યુક્રેન વચ્ચે છેલ્લા સાડા ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેને રશિયા પર અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો કર્યો છે. યુક્રેને મધ્ય રશિયાના તાતારસ્તાન વિસ્તારમાં સરહદથી 1000 કિલોમીટરથી વધુ અંદર ઘૂસીને ડ્રોનથી મોટો હુમલો કર્યો છે. સોમવારે રશિયાના નિઝનેકામસ્ક શહેરમાં થયેલા આ ડ્રોન હુમલામાં ઓછોમાં ઓછા 12 લોકોના મોત થયા છે, અને 39 લોકો ઘાયલ થયા છે. રશિયાને લાગ્યો બેવડો ઘા યુક્રેને આ હુમલાથી રશિયાને બેવડો ફટકો પડ્યો છે. એક તરફ મોટી સંખ્યામાં લોકો ગુમાવ્યા છે, તો બીજી તરફ તેના મહત્ત્વપૂર્ણ ઊર્જા ઠેકાણાઓને તબાહ કરી દીધા છે. નિઝનેકામસ્ક શહેર રશિયાનું એક મહત્ત્વપૂર્ણ ઓઇલ રિફાઇનિંગ સેન્ટર છે, જ્યાં બે ઓઇલ રિફાઇનરી અને એક પેટ્રોકેમિકલ પ્લાન્ટ આવેલા છે. યુક્રેનના આ હુમલાઓથી રશિયામાં ઈંધણની અછત ઊભી થઈ છે, અને તેલ શોધવાની ક્ષમતા પ્રભાવિત થઈ છે. જેલેન્સ્કીએ જણાવ્યું કે, આ અભિયાન રશિયન રાષ્ટ્રપતિ પુતિનને વાટાઘાટોના ટેબલ પર લાવવા અને યુદ્ધનો અંત લાવવા માટે મજબૂર કરવાના હેતુથી ચલાવવામાં આવી રહ્યું છે.

### સાઉદી અરબમાં સોફા ફેક્ટરીમાં ભીષણ આગ, 16 બાંગ્લાદેશી શ્રમિકોના મોત

સાઉદી અરબમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. સાઉદી અરબના રિયાધ સ્થિત મૂસા સનૈયા વિસ્તારમાં એક સોફા ફેક્ટરીમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ભીષણ આગમાં 16 બાંગ્લાદેશી શ્રમિકોના કરુણ મોત નિપજ્યા છે. સોમવારે બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે આ ઘટનાની પુષ્ટિ કરતા મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડો શોક અને સંવેદના વ્યક્ત કરી છે. મંત્રાલયનું સત્તાવાર નિવેદન મંત્રાલયે રવિવારે બનેલી આ ઘટના અંગે એક સત્તાવાર નિવેદન જારી કરીને પોતાની સંવેદના વ્યક્ત કરી છે. આ સાથે જ નુકસાનની આ મુશ્કેલ ઘડીમાં મૃતકોના પરિવારોને સંપૂર્ણ સહયોગ અને એકજૂથતાનું આશ્વાસન આપ્યું છે. તેમાં વધુમાં કહ્યું કે, તેમણે મૃતકોના શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે પોતાની ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરી અને આ ભરપાઈ ન થઈ શકે તેવી ક્ષતિ તેમજ દુઃખની ઘડીમાં તેમની સાથે અડીખમ ઊભા રહેવાની ખાતરી આપી. રિપોર્ટ્સ પ્રમાણે આ આગ સ્થાનિક સમય પ્રમાણે રવિવારે બપોરે આશરે 3:30 વાગ્યે રિયાધના ખોરદમ શહેરમાં આવેલી સોફા ફેક્ટરીમાં લાગી હતી.

રાહુલએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ફરી એકવાર જંતર-મંતર પ્રદર્શન પર થયેલા લાઠીચાર્જનો મુદ્દો ઉઠાવ્યો

# જંતર-મંતર પર ફાયરિંગનો આદેશ કોણે આપ્યો, જવાબદાર કોણ: રાહુલ ગાંધી

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ સોમવારે દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ફરી એકવાર જંતર-મંતર પ્રદર્શન પર થયેલા લાઠીચાર્જનો મુદ્દો ઉઠાવ્યો. રાહુલે સવાલ કર્યો કે લાઠીચાર્જનો આદેશ કોણે આપ્યો. તેનો જવાબદાર કોણ છે, તે સામે આવે. ગૃહ મંત્રી સદનમાં આવીને નિવેદન આપે. રાહુલે કહ્યું કે વિપક્ષની ત્રણ માંગણીઓ છે.


પહેલી- યુવાનો પર ગોળી ચલાવવાની જવાબદારી સ્પષ્ટ થાય. બીજી- વડાપ્રધાન ઘટના માટે માફી માંગે અને ત્રીજી- રામ મંદિરમાં ચોરીના મુદ્દા પર ચર્ચા થાય. બીજી તરફ સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ લોકસભામાં કહ્યું કે શાહ સદનમાં વિસ્તૃત જવાબ આપશે પરંતુ વિપક્ષે ખાતરી આપવી પડશે કે તે ચર્ચામાંથી ભાગશે નહીં. તેમને ગૃહમંત્રીનો જવાબ કોઈ પણ હોબાળા વગર સાંભળવો પડશે. જોકે શાહ ક્યારે બોલશે, તેની જાણકારી રિજિજુએ આપી નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે અમિત શાહે સંસદમાં સ્પષ્ટ કરવું જોઈએ કે દિલ્હીમાં યુવાનો પર લાઠીચાર્જ કરવાની પરવાનગી કોણે આપી હતી. તેમણે આરોપ લગાવ્યો કે વિદ્યાર્થીઓ પર પેલેટ ગન અને ખીલાવાળી લાઠીઓથી હુમલો કરવામાં આવ્યો. જો અમિત શાહે તેની પરવાનગી આપી હતી તો તેઓ દોષિત છે અને જો તેમને તેની જાણકારી ન હતી તો તેઓ સંપૂર્ણપણે નિષ્ફળ છે.



## કોલંબિયામાં 7.4 તીવ્રતાનો ભૂકંપ: ઇમારતો ધરાશાયી થઇ

કોલંબિયા

દક્ષિણ અમેરિકી દેશ કોલંબિયામાં 7.4ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. તેના આંચકા પડોશી દેશ ઈક્વાડોર સુધી અનુભવાયા. સ્થાનિક સમય મુજબ ભૂકંપ સોમવારે સવારે લગભગ 7 વાગ્યે આવ્યો. લોકો ગભરાઈને ઘરોમાંથી બહાર નીકળી આવ્યા. ઘણી ઈમારતો ખાલી કરાવવામાં આવી છે. સેંકડો લોકોના ઘાયલ થવાના સમાચાર છે. અમેરિકી ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (USGS) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર રાજધાની બોગોટાથી લગભગ 400 કિલોમીટર પશ્ચિમમાં પાલમાર વિસ્તારમાં હતું.



## મનરેગાની જગ્યાએ આવેલી નવી VB-G RAM G યોજનાના પહેલા જ મહિને મોટો ઝટકો

### પ્રથમ માસમાં રોજગાર સર્જનમાં 50%નો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી

મનરેગાના સ્થાને લાગુ કરવામાં આવેલી નવી VB-G RAM G યોજનાના પ્રથમ મહિનામાં રોજગાર સર્જનની ઝડપ ધીમી જોવા મળી છે. જુલાઈ 2026માં આ યોજના હેઠળ 7.67 કરોડ પર્સન-ડે(person-days) રોજગાર નોંધાયો હતો, જે ગત વર્ષે જુલાઈમાં મનરેગાના 15.33 કરોડ પર્સન-ડે(વ્યક્તિ-દિવસ)ના મુકાબલે આશરે 50% ઓછો છે. 1 જુલાઈ 2026થી બે દાયકા જૂની 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના'(MGNREGS)ની જગ્યાએ 'વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર એવમ્ આજીવિકા મિશન ગ્રામીણ' (VB-G RAM G) લાગુ કરવામાં આવી હતી. સરકારે તેને અપગ્રેડેડ વર્ઝન ગણાવતા રોજગારની ગેરંટી 100 દિવસથી વધારીને 125 દિવસ કરી છે, અને લઘુત્તમ વેતન 300 નક્કી કર્યુ છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે સંસદમાં દાવો કર્યો હતો કે, 22 જુલાઈ સુધી 5.2 કરોડથી વધુ વ્યક્તિ-દિવસ રોજગાર આપવામાં આવ્યો હતો, અને કામ માંગનારા 99.5%થી વધુ શ્રમિકોને રોજગાર મળ્યો હતો. પરંતુ જુલાઈના અંતિમ આંકડા મુજબ આ આંકડો 7.67 કરોડ પર જ પહોંચ્યો હતો, જે દર્શાવે છે કે મહિનાના છેલ્લા દિવસોમાં રોજગાર સર્જનની ઝડપ ધીમી પડી હતી.

# 3 બળવાખોર TMC સાંસદોનો ભાજપમાં જવાનો ઇનકાર

### કહ્યું- અમે NDAમાં નહીં જઈએ



નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના ત્રણ બળવાખોર મુસ્લિમ સાંસદો અબુ તાહિર ખાન, ખલીલુર રહેમાન અને યુસુફ પઠાણે કહ્યું છે કે તેઓ BJPમાં જોડાશે નહીં અને તેઓ NDAનો ભાગ પણ નથી. ત્રણેય સાંસદોનું કહેવું છે કે તેઓ BJPની રાજનીતિ સાથે સહમત નથી, પરંતુ તેમના વિસ્તારોના લોકોના હિતમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે કામ કરશે. આ ત્રણેય તે 20 બળવાખોર TMC સાંસદોમાં સામેલ છે, જેમણે બંગાળ વિધાનસભા ચૂંટણીના કેટલાક અઠવાડિયા પછી મમતા બેનર્જીની પાર્ટીથી અલગ થઈને નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI) માં વિલય કર્યો હતો. જોકે, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ હજુ સુધી તેમને ઔપચારિક રીતે NCPI સાંસદ તરીકે માન્યતા આપી નથી. અબુ તાહિર અને ખલીલુર રહેમાન મુજબ, સ્પીકર હજુ પણ તેમને સંસદમાં TMC સાંસદ કહીને સંબોધિત કરે છે અને તેમના નામ સાથે TMC લખવામાં આવે છે.

### અબુ તાહિર બોલ્યા- NCPI સાથે રહીશું

અબુ તાહિર અને ખલીલુર રહેમાને બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સાથે રાજ્ય સચિવાલયમાં મુલાકાત કરી. બેઠક બાદ ખલીલુર રહેમાનને ભાજપમાં સામેલ થવા અંગે સવાલ પૂછવામાં આવ્યો. તેમણે સ્પષ્ટ કહ્યું- ના, અમે ભાજપમાં સામેલ નથી થઈ રહ્યા. અમે NCPI સાથે રહીશું. ભવિષ્યમાં પાર્ટી સાથે જોડાયેલા રહેવા કે કોઈ અન્ય રાજકીય માર્ગ પસંદ કરવાના સવાલ પર તેમણે કહ્યું- સમય જ કહેશે.

# નવાપુર બન્યું કાળા કારોબારનું એપીસેન્ટર

## ગુજરાત સરહદે ધમધમતા જુગારધામો સામે કાયદાનું મોં બંધ?

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાનું સરહદી શહેર નવાપુર હાલ ખાખી વર્દીના છત્રછાયા હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું મોટું કેન્દ્ર બની ચૂક્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર આવેલું આ શહેર હવે ગુનાખોરી અને કરોડોના જુગારધામ માટે પંકાયું છે. સ્થાનિક નાગરિકો અને સૂત્રોના જણાવ્યા મુજબ, કાયદા અને વ્યવસ્થાની ખુલ્લેઆમ ધજીયા ઉડાવીને રોજ કરોડો રૂપિયાનો કાળો કારોબાર ખીલી રહ્યો છે, પરંતુ કાયદાના રક્ષકો આંખ આડા કાન કરીને બેઠા છે.

### બંગલાથી લઈને શેડ સુધી: ક્યાં અને કેવી રીતે ચાલે છે મિની કસિનો?

નવાપુર પોલીસ સ્ટેશનની હદમાં જ મુખ્યત્વે બે સ્થળો પર આ જુગારધામો ચાલી રહ્યા છે.

સ્થળ ૧: જાન તળાવ હનુમાન મંદિર પાસે અને જિંદાલ પેટ્રોલ પંપની પાછળ આવેલો બંગલો, જ્યાં અત્યંત ગોપનીય રીતે હાઈપ્રોફાઈલ ખેલાડીઓ માટે રમત ગોઠવાય છે.

સ્થળ ૨: વિસરવાડી વિસ્તારમાં એકતા હોટેલની પાછળ ખાસ કાયમી શેડ બાંધીને ઊભું કરાયેલું બીજું મોટું અડ્ડો.

આ સમગ્ર કાળો કારોબાર રાકેશ ગોસાવી ઉર્ફે પપ્પુ ગોસાવી, રાઈસ શેખ અને સૂરજ જયસ્વાલ નામના સિન્ડિકેટ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. અહીં મુખ્યત્વે 'આસરો' (આંકડાનો જુગાર) અને 'ત્રણ પત્તી' જેવા જોખમી ખેલ રમાડવામાં આવે છે.

### ગુજરાતના ખૂણે-ખૂણેથી પહોંચતા જુગારીઓ: રોજના કરોડોના હાર-જીતના ખેલ

આ અડ્ડાઓ માત્ર સ્થાનિક પૂરતા સીમિત નથી, પરંતુ પડોશી રાજ્ય ગુજરાતના વાપી, વલસાડ, સુરત, ભરૂચ અને અંકલેશ્વર જેવા ઔદ્યોગિક શહેરોમાંથી નામી-અનામી જુગારીઓ ગાડીઓના કાફલા સાથે અહીં પહોંચે છે. દિવસ-રાત અહીં કરોડો રૂપિયાની હાર-જીત થાય છે. અડ્ડાઓ બહાર ગુજરાત પાસિંગની મોંઘીદાટ લક્ઝરી ગાડીઓનો જમાવડો એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે અહીં કેવા સ્તરનો ખેલ ચાલી રહ્યો છે. આટલી ગાડીઓની અવરજવર છતાં સ્થાનિક પોલીસને કશું જ દેખાતું નથી તે સૌથી મોટો સવાલ છે.

### હપ્તા રાજ કે ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા? પીઆઇ અને ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાના દાયરામાં

સ્થાનિક રહીશો દ્વારા નવાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ અભિષેક પાટીલને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી એક પણ દરોડો પાડવામાં આવ્યો નથી. માત્ર સ્થાનિક પીઆઈ જ નહીં, પરંતુ નંદુરબારના એસપી અશ્વિની સનાપ અને આઈજી સંજય યાનપુરે સમક્ષ પણ આ સમગ્ર મામલે રજૂઆતો પહોંચાડવામાં આવી છે. તેમ છતાં ઉચ્ચ કક્ષાએથી કોઈ કાર્યવાહી ન થતાં ચર્ચા છે કે લાખો રૂપિયાના મહિને બાંધેલા 'હપ્તા'ના કારણે તંત્ર લાચાર બની ગયું છે. આશ્ચર્યની વાત એ છે કે, જે નાગરિકો કે પત્રકારો આ કાળા કારોબાર સામે અવાજ ઉઠાવે છે, તેમને જાનથી મારી નાખવાની કે ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવામાં આવી રહી છે.

### ભૂતકાળની યાદ: જ્યારે આઈજી શેખર સાહેબે પીઆઈને સસ્પેન્ડ કર્યા હતા

આ અગાઉ પણ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા જ આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એ સમયે તત્કાલીન આઈજી શેખર સાહેબે ત્વરિત અને કડક પગલાં ભરીને રાઈસ શેખના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. તે સમયે સ્થળ પરથી કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો અને બેદરકારી દાખવનાર તત્કાલીન નવાપુર પીઆઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા હતા.

### જનતાનો એક જ સવાલ: શું કોઈ મર્દ પોલીસ અધિકારી આ જુગારધામ પર દરોડો પાડશે?

ભૂતકાળમાં કડક કાર્યવાહી થઈ હોવા છતાં, વર્તમાન સમયમાં ફરી એકવાર નવાપુર પોલીસ સ્ટેશન ગુનેગારોની શરણગાહ બની ગયું છે. પીઆઈ અભિષેક પાટીલ અને એસપી મેડમની રહસ્યમય ચૂપકીદી અને નિષ્ક્રિયતા સામે હવે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. શું નંદુરબાર જિલ્લામાં કાયદાનું શાસન ખતમ થઈ ગયું છે? શું આ હપ્તા રાજ આમ જ ચાલતું રહેશે કે પછી કોઈ હિંમતવાન અને ઈમાનદાર પોલીસ અધિકારી આવીને આ કરોડોના જુગારધામનો સફાયો કરશે? જનતા હવે ઉચ્ચ સ્તરેથી કડક અને નક્કર કાર્યવાહીની રાહ જોઈ રહી છે.

બંગલાથી શેડ સુધી કાળી કમાણીનું નેટવર્ક: વાપીથી અંકલેશ્વર સુધીના જુગારીઓ માટે નવાપુર બન્યું સેફ હેવન

લક્ઝરી ગાડીઓનો જમાવડો અને 'આસરો-ત્રણપત્તી'ની રમતો: કાયદાના રક્ષકો આંખ આડા કાન કરીને ક્યાં સુધી બેસશે?

### પોલીસ હપ્તાખોરી અને ધમકીઓ માટે

પીઆઈ અભિષેક પાટીલ અને ઉચ્ચ અધિકારીઓ સુધી રજૂઆતો છતાં સન્નટો: શું લાખોના માસિક હપ્તામાં વેચાઈ ગઈ છે ખાખી?

કૌભાંડ ખુલ્લું પાડનારાઓને ધમકીનો ખેલ: ગુનેગારો બેફામ, જનતા અને સ્થાનિકોમાં ભારે રોષ

ભૂતકાળની સરખામણી અને પ્રશ્નાર્થ માટે:

આઈજી શેખર સાહેબનો એ દરોડો અને પીઆઈનું સસ્પેન્શન યાદ કરો: શું આ વખતે પણ ઉચ્ચ સ્તરેથી સર્જિકલ સ્ટ્રાઈક થશે?

એસપી અને આઈજીની ચૂપકીદી સામે અનેક સવાલો: નવાપુરમાં કાયદાનું શાસન છે કે જુગારીઓનું?

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## જમીન NA કરાવવામાં વિલંબ કે 'વહિવટ'?

# મહેસૂલ વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોથી ખેડૂતો અને બિલ્ડરોમાં રોષ!

### જમીન NA ની પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને માનવ-હસ્તક્ષેપ મુક્ત (Human-Free Interface) ક્યારે બનાવવામાં આવશે?

ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

ગુજરાત સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા, પારદર્શક વહીવટ અને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ના મોટા મોટા દાવાઓ કરી રહી છે, ત્યારે બીજી તરફ રાજ્યના મહેસૂલ વિભાગમાં જમીન એન.એ. (Non-Agricultural / બિન-ખેતી) કરાવવાની પ્રક્રિયામાં ચાલતા ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોએ સરકારી દાવાઓની હવા કાઢી નાખી છે. ખેડૂત પોતાની મહેનતની જમીન બિન-ખેતી કરાવવા માંગતો હોય કે પછી કોઈ નાનો-મોટો ડેવલપર, 'અણનમ વહિવટ' કર્યા વગર કાગળો એક ટેબલથી બીજા ટેબલ પર ખસતા જ નથી એવા સણસણતા આક્ષેપો ઉઠ્યા છે.

સરકારે અરજદારોની સુવિધા માટે અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના હેતુથી જમીન NA કરવાની તમામ પ્રક્રિયા ઓનલાઈન પોર્ટલ પર શિફ્ટ કરી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ટેકનોલોજીના ઉપયોગ છતાં માનવ હસ્તક્ષેપ (Human Interference) અને બાબુશાહીનો સકંજો યથાવત છે.

અનાવશ્યક ક્વેરીઓનો અડંગો: સિસ્ટમમાં અરજી આવ્યા બાદ ખોટી અને સામાન્ય બાબતોની 'ક્વેરી' (Queiry) ઊભી કરીને ફાઈલ અટકાવી દેવામાં આવે છે.

કાયદાકીય રીતે ચોક્કસ સમયમર્યાદામાં નિકાલ કરવાનો હોય છે, છતાં મહિનાઓ સુધી અરજીઓ પેન્ડિંગ રાખવામાં આવે છે.

કલેક્ટર કચેરીઓ અને પ્રાંત કચેરીઓની આસપાસ સક્રિય એજન્ટો અને વચેટિયાઓ મારફતે જાવ તો જ ફાઈલ પર સહી થાય છે, બાકી સામાન્ય નાગરિક સરકારી કચેરીઓના ચક્કર કાપીને થાકી જાય છે.

જમીન NA કરવાની પ્રક્રિયા માત્ર એક કચેરી પૂરતી સીમિત નથી. તેમાં કલેક્ટર કચેરી, પ્રાંત અધિકારી (SDM) કચેરી, નગર નિયોજન વિભાગ (Town Planning), રેવન્યુ સર્વેયર અને સ્થાનિક પંચાયત કે મ્યુનિસિપલ કોર્પોરેશનના અભિપ્રાયો (NOC) મેળવવા પડે છે.

અરજદારોનો આક્ષેપ છે કે દરેક તબક્કે એન.ઓ.સી. આપવાના નામે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કથિત રીતે 'હપ્તા' કે 'ચાર્જ' નક્કી કરવામાં આવ્યા છે. જ્યાં સુધી કથિત 'વહિવટ' ન થાય ત્યાં સુધી નેગેટિવ અભિપ્રાય આપીને કામ લટકાવી દેવામાં આવે છે.

મુખ્યમંત્રી અને રાજ્ય સરકાર ભ્રષ્ટાચાર સામે 'ઝીરો ટોલરન્સ' ની વાત કરે છે, પરંતુ મહેસૂલ વિભાગના નીચલા અને મધ્યમ સ્તરના અધિકારીઓની આ મનમાનીથી સરકારની છબી ખરડાઈ રહી છે.

જનતાના સરકારને સીધા સવાલો: ઓનલાઈન સિસ્ટમ હોવા છતાં ફાઈલો મહિનાઓ સુધી કેમ પેન્ડિંગ રહે છે?

નિયમ મુજબ સમયસર કામ ન કરનાર જવાબદાર અધિકારીઓ સામે શિસ્તભંગના કડક પગલાં કેમ લેવામાં આવતા નથી?

જમીન NA ની પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને માનવ-હસ્તક્ષેપ મુક્ત (Human-Free Interface) ક્યારે બનાવવામાં આવશે?

જમીન એ નાગરિક અને ખેડૂતની આજીવિકા તથા મૂડી સાથે જોડાયેલો વિષય છે.

જો આ પ્રક્રિયામાં ભ્રષ્ટાચારના આક્ષેપો સાચા હોય, તો રાજ્ય સરકારે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપીને દોષિતો સામે દાખલારૂપ કાર્યવાહી કરવી જોઈએ, જેથી સામાન્ય જનતાનો શાસન અને પ્રશાસન પરનો વિશ્વાસ જળવાઈ રહે.

## શિનોર તાલુકાની 40 ગ્રામ પંચાયતોમાં ચાર મહિના દરમિયાન માત્ર 14.84% વસુલાત

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટીઓની દર મહિને ભરાતી મિટિંગમાં દર મહિને 8:30 ટકા ના દરે વસૂલાત કરવાનો લક્ષ્યાંક આપેલ છે. પરંતુ મોટા ભાગની પંચાયતોમાં શેઠની શિખામણ ઝાંપા સુધી દેખાય છે. અને તાલુકાની માત્ર 14.84% વસુલાત થયેલ છે. શિનોર તાલુકામાં પંચાયત વેરા ની વસુલાત માટે મન વગર ભારે ઝુંબેશ ચાલે છે, પરંતુ નક્કર પરિણામ મળતું નથી. શિનોર તાલુકાની 40 પંચાયતોમાંથી પાંચ પંચાયતો માં સૌથી વધુ વસુલાત થયેલ છે. જેમાં ટીંગલોદ 40.59 ટકા, વણીયાદ 40.26 ટકા મીઠોળ 34.01% અચીસરા 31.84% અને માલપુર 31.59%. દ્વારા સારી કામગીરી બજાવેલ છે. જ્યારે તાલુકામાં સૌથી ઓછી વસુલાત કરનાર પાંચ પંચાયતોમાં આનંદી 6.13% ,સાધલી 6.48% , દામનગર 8.62% ,ટીંબરવા 9.81% અને ઉતરાજ 9.87 ટકા ,આ પાંચ પંચાયતોમાં ખૂબ જ નબળી કામગીરી કરવામાં આવેલ છે. શિનોર તાલુકાની સાધલી ગ્રામ પંચાયત આર્થિક રીતે સધ્ધર ગણવામાં આવે છે અને સરકાર, સંસદ સભ્ય, ધારાસભ્ય, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, એટીવીટી, તથા અન્ય યોજનાઓ અંતર્ગત વિકાસ કામો માટે ગ્રાન્ટો આપવામાં આવે છે, જેના કારણે ગ્રામ પંચાયતમાં બે તલાટી કમ મંત્રી અને બે કર્મચારી હોવા છતાં વેરા વસૂલાત કરવામાં સદંતર નિષ્ક્રિય રહે છે.

## પોરબંદરનાં છાયાંમાં સ્ટ્રીટ લાઇટના અંજવાળે રમતા જુગાર પર LCBનો દરોડો: 3 પત્તા પ્રેમી ઝડપાયા

ગોસા(ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદરમાં કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારના છાંયા વિસ્તાર ના રઘુવંશી પાસે વૃંદાવન સોસાયટીમાં રાત્રીના સ્ટ્રીટ લાઈટ ના અંજવાવળે જાહેરમાં ગંજીપત્તા ના પાના વડે જુગાર રમેં છે તેવી બાતમી પરથી પોરબંદર ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી જાહેરમાં ગંજીપત્તા ના પાના વડે જુગાર રમતા ૩ શખ્સોમાંથી ને રૂ.૧૨,૫૪૦* ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ તમામ સામે કાર્યવાહી કરી છે. જુનાગઢ રેંજના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડિયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જિલ્લામાં દારૂ/ જુગાર ની ગેરકાયદેસર પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવા અને વધુમાં વધુ કેસો શોધી કાઢવા સૂચના કરવામાં આવેલ. જે સૂચના અનુસંધાને પોરબંદર એલ. સી.બી.ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે.કાંબરીયા ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ના માણસો પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન એ એસ.આઈ. બટુકભાઈ વિઝુડાને હકીકત મળેલ કે પોરબંદર શહેરના છાંયા રઘુવંશી પાસે વૃંદાવન સોસાયટી માં રાત્રિના સ્ટ્રીટ લાઈટ ના અંજવાવળે જાહેરમાં ગંજીપત્તા ના પાના વડે જુગાર રમેં છે તેવી બાતમી મળતા મળેલ બાતમીના આધારે હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા સ્ટ્રીટ લાઈટ ના અંજવાવળે જુગાર રમતા ઈસમો (૧) ખીમજી ગોવિંદભાઈ જોશી ઉ.વ.૫૮ રહે. છાંયા રઘુવંશી પાસે વૃંદાવન સોસાયટી પોરબંદર (૨) નિલેશ ઉર્ફે હનુમાન મુકેશ ભાઈ રાઠોડ ઉ.વ.૩૨ રહે. છાંયા બાલવી પાન સામે, ગ્રીનપાર્ક સોસાયટી પોરબંદર અને (૩) રાજુ હીરજી ભાઈ ચૌહાણ ઉ.વ. ૫૧ રહે. છાંયા બાલવી પાન સામે, ગ્રીનપાર્ક સોસાયટી પોરબંદર વાળા ત્રણ ઈસમોને ગંજીપતાના પાના નંગ-૫૨ તથા રોકડા રૂા. ૧૨,૫૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી પાડેલ અને તમામ જુગારીઓ સામે કમલાબાગ પો.સ્ટે. ગુ.ર.નં. 112180092 60510/ ૨૦૨૬ જુગાર ધારા ક. ૧૨ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

## નડિયાદમાં ખાખીનો કડક સપાટો: 55 હજારથી વધુના ગાંજાના જથ્થા સાથે હિસ્ટ્રીશીટર મંજુરઇલાહી સૈયદ જેલભેગો!

નડિયાદ (ખાસ પ્રતિનિધિ)

ખેડા જિલ્લામાં અસામાજિક તત્વો અને નશીલા પદાર્થોની હેરાફેરી કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. ખેડા-નડિયાદ એસઓજી (Special Operations Group) પોલીસે એક સફળ ઓપરેશન પાર પાડીને નડિયાદના કુખ્યાત હિસ્ટ્રીશીટર અને રીઢા અપરાધી મંજુરઈલાહી સૈયદને ગેરકાયદેસર નશીલા પદાર્થ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી પંથકના બુટલેગરો અને નશાના કારોબારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ખેડા-નડિયાદ એસઓજી ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે નડિયાદનો રીઢો ગુનેગાર મંજુરઈલાહી સૈયદ નશીલા પદાર્થની હેરાફેરી કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને આરોપીની અટકાયત કરી હતી. તલાશી દરમિયાન પોલીસને તેની પાસેથી ગેરકાયદેસર વનસ્પતિજન્ય નશીલો પદાર્થ (ગાંજો) મળી આવ્યો હતો.

પોલીસે ગાંજાનો જથ્થો અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂપિયા ૫૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલો આરોપી મંજુરઈલાહી સૈયદ નડિયાદ વિસ્તારનો જાણીતો હિસ્ટ્રીશીટર છે અને તેની સામે ભૂતકાળમાં પણ અનેક ગુનાહિત ઈતિહાસ નોંધાયેલા છે.

ખેડા એસઓજી પોલીસે આરોપી સામે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દશરથમાં બંધ ફ્લેટને નિશાન બનાવી ચોરોએ 15 લાખથી વધુની મતા ઉડાવી

વડોદરા, સિકંદર પઠાણ

વડોદરાના છાણીના દશરથ વિસ્તારમાં આવેલા સોહમ હાઈટ્સના બંધ ફ્લેટને ચોરોએ નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.15 લાખથી વધુની મતા ચોરી ફરાર થઈ ગયા હતા.

સોહમ હાઈટ્સમાં રહેતા સુનિલભાઈ પટેલ પરિવાર સાથે બહારગામ ગયા હતા. દરમિયાન વહેલી સવારે ફ્લેટના પ્રમુખ તેમજ તેમના મિત્રએ ફોન કરીને મકાનના તાળા તૂટેલા હોવાની જાણ કરી હતી. બપોરે ઘરે પરત ફર્યા બાદ તપાસ કરતા દરવાજાનો નકુચો તેમજ તિજોરીના તાળા તૂટેલા મળી આવ્યા હતા. ચોરો તિજોરીમાંથી 12 તોલાથી વધુ સોનાના દાગીના, ચાંદીના દાગીના તથા આશરે રૂ.2.50 લાખની રોકડ મળી કુલ રૂ.15 લાખથી વધુની મતા ચોરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે સુનિલભાઈ પટેલે છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### 'હર ઘર તિરંગા'ના નારાથી પાટનગર ગુંજી ઊઠ્યું!

## અભૂતપૂર્વ દેશભક્તિનો માહોલ : ગાંધીનગરમાં ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઇ

ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

'વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા...' ના બુલંદ નારાઓ અને રાષ્ટ્રભક્તિના અદભુત રંગો સાથે ગાંધીનગર મહાનગર ખાતે એક અત્યંત ભવ્ય અને પ્રેરણાદાયી 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં રાજ્યના મંત્રી શ્રી જગદીશ પંચાલ સહિત અનેક મહાનુભાવો, પ્રજાજનો અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર ગાંધીનગર શહેર રાષ્ટ્રધ્વજના ત્રિરંગા રંગોમાં રંગાઈ ગયું હતું.



'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત યોજાયેલી આ યાત્રામાં ગાંધીનગરના ખૂણે-ખૂણેથી નાગરિકો મોટી સંખ્યામાં જોડાતાં અદ્ભુત જનસૈલાબ જોવા મળ્યો હતો. હાથમાં રાષ્ટ્રધ્વજ ધારણ કરીને નીકળેલા નગરજનોના મુખેથી દેશભક્તિના ગીતો અને વિજયઘોષ સંભળાતા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરી: મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરવાસીઓ સાથે પગપાળા ચાલીને તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો અને દેશની એકતા તથા અખંડિતતાનો સંદેશ આપ્યો હતો. મંત્રી શ્રી જગદીશ પંચાલનો સંદેશ: યાત્રામાં જોડાયેલા મંત્રી શ્રી જગદીશ પંચાલે જણાવ્યું હતું કે, "માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે તિરંગા યાત્રામાં જોડાઈને રાષ્ટ્રભક્તિના રંગે રંગાવાનો અનોખો અવસર મળ્યો છે. આવો, સૌ સાથે મળીને 'હર ઘર તિરંગા' અભિયાન દ્વારા દેશભક્તિની ભાવનાને વધુ બુલંદ બનાવીએ."

રાજ્યભરમાં આઝાદીના પર્વ અને રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા માટે 'હર ઘર તિરંગા' ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ગાંધીનગરમાં યોજાયેલી આ યાત્રાએ સાબિત કરી દીધું છે કે દેશનો પ્રત્યેક નાગરિક પોતાના રાષ્ટ્રધ્વજ પ્રત્યે અપાર શ્રદ્ધા અને સમર્પણની ભાવના ધરાવે છે.

નાગરિકોને પોતાના ઘરો, કચેરીઓ અને પ્રતિષ્ઠાનો પર ગૌરવપૂર્વક તિરંગો લહેરાવીને આ રાષ્ટ્રીય પર્વને એક જનઆંદોલન તરીકે ઉજવવા અપીલ કરવામાં આવી છે.

### રાજ્યના ગૃહ વિભાગમાં મોટો સપાટો

## PI અને PSI ની બદલીઓનો તખ્તો તૈયાર, મહિનાના અંત સુધીમાં ઓર્ડર!

ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

ગુજરાત પોલીસ તંત્રમાં ટૂંક સમયમાં જ મોટો ફેરબદલ જોવા મળી શકે છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) કક્ષાના અધિકારીઓની આંતરિક બદલીઓનો તખ્તો સંપૂર્ણપણે તૈયાર કરી લેવામાં આવ્યો છે. વહીવટી સુગમતા, લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા અધિકારીઓની બદલી અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી આ યાદી આખરી ઓપ આપી દેવાયો હોવાનું ગૃહ વિભાગના ઉચ્ચ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ચાલુ મહિનાના અંત સુધીમાં બદલીના સત્તાવાર ઓર્ડર જાહેર કરી દેવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. ગૃહ વિભાગનું મંથન પૂર્ણ: જિલ્લા અને શહેરોમાં મોટો ફેરબદલ! છેલ્લા કેટલાક સમયથી રાજ્યના વિવિધ શહેરો




અને જિલ્લાઓમાં PI-PSI ની બદલીઓની અટકળો ચાલી રહી હતી.

ગાંધીનગર સ્થિત ગૃહ વિભાગ અને રાજ્ય પોલીસ વડા (DGP) કચેરી દ્વારા તમામ જિલ્લાઓમાંથી હોદ્દેદારોની યાદી અને તેમની સેવાના સમયગાળાનો રિપોર્ટ મંગાવવામાં આવ્યો હતો.

લાંબા સમયથી એક જ પોલીસ સ્ટેશન કે જિલ્લામાં નિમણૂક ધરાવતા અધિકારીઓને બદલવામાં આવશે. આ ઉપરાંત, બઢતી (Promotion) મેળવેલા અને બદલીની રાહ જોતા અધિકારીઓને નવી જગ્યાઓ ફાળવવામાં આવશે.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મેટ્રો શહેરોના મહત્વના પોલીસ સ્ટેશનોમાં નવા અને કડક અધિકારીઓની તૈનાતી કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

બદલીના ઓર્ડર ટૂંક સમયમાં જ બહાર પડવાના હોવાના સમાચાર વહેતા થતાં જ રાજ્યના પોલીસ બેડામાં ભારે ચર્ચા અને સસ્પેન્સનો માહોલ સર્જાયો છે.

### દર ચોમાસે સળિયા બહાર, અકસ્માતનો તોળાતો કાળ!

## ડભોઇના થરવાસા ઓવરબ્રિજની દયનીય સ્થિતિ!

ડભોઇ (ખાસ પ્રતિનિધિ)

ડભોઈ તાલુકામાંથી પસાર થતો અને ડભોઈ-કરજણ માર્ગને જોડતો અતિ મહત્વપૂર્ણ થરવાસા ઓવરબ્રિજ ફરી એકવાર તંત્રના લોટ-પાણીને લાકડા જેવા કૌભાંડને કારણે વિવાદમાં આવ્યો છે. દર વર્ષે ચોમાસાની ઋતુ શરૂ થતાં જ બ્રિજ પર પડેલાં ગાબડાં અને નબળા સમારકામના કારણે મારેલા 'ઢિંગડા' ઉખડી જાય છે અને બ્રિજના લોખંડના સળિયા બહાર ફેંકાઈ નીકળે છે. આ જોખમી પરિસ્થિતિના કારણે રોજના હજારો વાહનચાલકો જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે. ડભોઈ અને કરજણ વચ્ચેનો આ મુખ્ય રસ્તો હોવાથી અહીંથી રોજના હજારો નાના-મોટા વાહનો અને મુસાફરો પસાર થાય છે. સ્થાનિકોના આક્રોશ મુજબ આ દયનીય સ્થિતિ પાછળ સીધી રીતે ભ્રષ્ટ નીતિ જવાબદાર છે: જ્યારે પણ આ બ્રિજના સમારકામ કે તકલાદી પેચવર્કનું કામ ચાલતું હોય છે, ત્યારે માર્ગ અને મકાન વિભાગનો એક પણ જવાબદાર એન્જિનિયર કે અધિકારી સ્થળ પર





સુપરવિઝન માટે હાજર રહેતો નથી. અધિકારીઓની ગેરહાજરીનો ખુલ્લેઆમ ગેરલાભ ઉઠાવીને કોન્ટ્રાક્ટરો અત્યંત તકલાદી અને હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરે છે, જેના કારણે થોડા જ દિવસોમાં સમગ્ર સમારકામ ધોવાઈ જાય છે. બ્રિજ પરથી બહાર નીકળેલા તીક્ષ્ણ લોખંડના સળિયાના કારણે રોજેરોજ અનેક વાહનોના ટાયર ફાટવા અને પંચર પડવાના બનાવો બને છે. રાત્રિના સમયે અહીં ગંભીર જાનલેવા અકસ્માત થવાનો ભય સતત તોળાતો રહે છે.

તંત્ર અને ભ્રષ્ટ કોન્ટ્રેક્ટરોની મિલીભગતનો ભોગ આજે સામાન્ય જનતા અને વાહનચાલકો બની રહ્યા છે.

૧. કાયમી ઉકેલ કેમ નહીં?: દર વર્ષે આ જ બ્રિજ પર ઢિંગડા મારવાના નામે લાખો રૂપિયાનું બજેટ કોના ખિસ્સામાં જાય છે? ૨. અધિકારીઓ પર કાનૂની કાર્યવાહી ક્યારે?: સુપરવિઝનમાં ગેરહાજર રહેતા એન્જિનિયરો અને હલકું કામ કરનાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કેમ કરવામાં આવતા નથી?

### ડૉક્ટર સહિત 3 આરોપીઓની અટકાયત

## ભરૂચમાં ક્લિનિકની આડમાં વોટ્સએપ જુગાર ઝડપાયો..!

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે ધોળીકુઈ બજાર વિસ્તારમાં આવેલા વખારીયા ક્લિનિક નજીક દરોડો પાડીને વોટ્સએપ દ્વારા ચાલતા આંક-ફરકના જુગારના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ક્લિનિકની આડમાં જુગાર ચલાવતા ડૉ. મનોજ ચંપકલાલ વખારીયા સહિત 3 શખ્સોને ઝડપી પાડી 80,050નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ડૉ. મનોજ વખારીયા અને અનિલભાઈ માણેકલાલ મહેતા વોટ્સએપ ચેટના માધ્યમથી લોકો પાસેથી જુગારના આંકડા મેળવતા હતા. ગ્રાહકોને 1ના 10 આપવાની લાલચ આપીને આંક-ફરકનો જુગાર રમાડવામાં આવતો હતો.

દૈનિક હિસાબ અને વલણ મેળવવાની કામગીરી ઝાડેશ્વરના તરન મોદી સાથે થતી હતી. ડૉક્ટરની સઘન પૂછપરછ બાદ પોલીસે અનિલ મહેતા અને તરન મોદી બંનેની પણ ધરપકડ કરી આખા ડિજિટલ રેકેટનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આરોપીઓ પાસેથી 60,050ની રોકડ રકમ, 20,000ની કિંમતના મોબાઈલ ફોન તથા જુગારના આંકડા દર્શાવતા વોટ્સએપ ચેટના 14 પાનાના સ્ક્રીનશોટ પ્રિન્ટઆઉટ રૂપે કબજે કર્યા છે.

## "મોસાળમાં જમણવાર ને મા પીરસનાર, છતાંય ખેડૂત ભૂખ્યો!" – ડબલ એન્જિન સરકાર સામે અંકિત ચાવડાના પ્રહાર

### ખેતી ખર્ચમાં જંગી ઉછાળો: મોંઘા બિયારણો, જંતુનાશક દવાઓ, ખાતર અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવના કારણે ખેતીનો ઉત્પાદન ખર્ચ 30% થી 60% સુધી વધી ગયો છે

ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

"મોસાળમાં જમણવાર હોય ને માં પીરસનાર હોય, છતાં દીકરાને જ ભૂખ્યા સૂવાનો વારો આવ્યો છે..." - કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ ભાજપ સરકાર સામે આ ચોટદાર કહેવત સાથે આકરા પ્રહારો કર્યા છે. દિલ્હીમાં કેન્દ્ર સરકાર અને રાજ્યમાં ગાંધીનગર સરકાર–આમ બંને જગ્યાએ ભાજપની 'ડબલ એન્જિન' સરકાર હોવા છતાં, ગુજરાતનો જગતનો તાત ગણાતો ખેડૂત આજે આર્થિક તંગી અને અન્યાયનો ભોગ બની રહ્યો હોવાનો આક્ષેપ તેમણે કર્યો છે. ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યમાં ખેડૂતોની કમાણીના ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા બાદ શાસક પક્ષ સામે કૃષિ આલમમાં ભારે અસંતોષ વ્યાપી રહ્યો છે. અમિત ચાવડાએ વાસ્તવિક આંકડાઓ ટાંકીને સરકારની નીતિઓ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા મુજબ: ડબલ એન્જિન સરકારના દાવાઓ વચ્ચે ગુજરાતના ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક ઘટીને માત્ર ૧૨,૬૩૧ જ રહી ગઈ છે. મોંઘા બિયારણો, જંતુનાશક દવાઓ, ખાતર અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવના કારણે ખેતીનો ઉત્પાદન ખર્ચ ૩૦% થી ૬૦% સુધી વધી ગયો છે. એક તરફ મહેનત અને ખેતીનો ખર્ચ બમણો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ ખેડૂત જ્યારે પોતાનો પાક બજારમાં વેચવા જાય છે ત્યારે તેને યોગ્ય કે પોષણક્ષમ ભાવ (MSP) મળતા નથી. કોંગ્રેસ નેતાએ ભાજપ સરકારની દાનત સામે સણસણતા આક્ષેપો કરતાં જણાવ્યું છે કે, ભાજપે ખેડૂતોને પોતાની 'પરમેનન્ટ વોટબેંક' સમજી લીધા છે. ચૂંટણી વખતે મોટા મોટા વચનો અને ખેડૂત લક્ષી યોજનાઓની જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં ખેડૂતોનું શોષણ જ થઈ રહ્યું છે. મોટો ખર્ચ કરીને કરાતી હોર્ડિંગ્સ અને જાહેરાતો બંધ કરીને ખેડૂતોને તેમની મહેનતનું સાચું મૂલ્ય ક્યારે આપવામાં આવશે? વર્ષોથી ખેડૂતોની આવક બમણી કરવાના દાવાઓ કરાયા હતા, તો પછી આજે આંકડાઓમાં માસિક આવક આટલી નીચી કેમ છે?

પાક્કો ગુજરાત

મંગળવાર | 11 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### રાહત ન મળતાં આંદોલન સિવાય કોઈ રસ્તો નહીં!

# 1500 કરોડની આઈટી રિકવરીથી શુગર મિલો અને શેરડી પકવતા ખેડૂતો પર આર્થિક સંકટ..

## રાજકીય વગ ધરાવતા શુગર મિલ માલિકો અને આકાઓને બચાવવા માટે આખો બોજ સામાન્ય ખેડૂતોના માથે નાખી દેવામાં આવ્યો?



**અમદાવાદ**

રાજ્યના શેરડી પકવતા લાખો ખેડૂતો અને શુગર મિલોના શિરે અત્યારે આર્થિક કટોકટીના કાળા વાદળો ઘેરાયા છે. અહેવાલો અનુસાર, આવકવેરા વિભાગ (ઈન્કમ ટેક્સ) દ્વારા ગુજરાતની શુગર મિલો પર રૂ. ૧૫૦૦ કરોડથી વધુની જંગી રિકવરી કાઢવામાં આવી હતી. આ જંગી રકમની નોટિસો અને રિકવરીના લીધે શુગર મિલોનું તંત્ર ખોરવાઈ ગયું છે, જેની સીધી અને ભયાનક અસર દક્ષિણ ગુજરાત સહિત રાજ્યભરના શેરડી ઉત્પાદક ખેડૂતો પર પડી રહી છે.

પરંતુ સૌથી દુઃખદ બાબત એ છે કે દિવસ-રાત પરસેવો પાડીને દેશનું પેટ ભરતા ખેડૂતોને આ ગંભીર મુશ્કેલીમાંથી ઉગારવા માટે સરકાર તરફથી કોઈ નક્કર રાહત આપવામાં આવી નથી, જેના કારણે ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

દક્ષિણ ગુજરાતની સહકારી શુગર મિલો એ લાખો નાના અને મધ્યમ ખેડૂતોની આજીવિકાની જીવાદોરી છે. આવકવેરા વિભાગની રૂ. ૧૫૦૦ કરોડની રિકવરીના કારણે મિલો આર્થિક રીતે પાયમાલ થઈ રહી છે અને ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ કે ચૂકવણાં સમયસર મળી રહ્યા નથી. જે સમયે સરકારે આગળ આવીને ખેડૂતો માટે વિશેષ પેકેજ, કરમુક્તિ કે મધ્યસ્થતા કરીને રિકવરીમાં રાહત અપાવવી જોઈતી હતી, તે સમયે તંત્રની નિષ્ક્રિયતા સામે આવી છે. પરિણામે, પોતાના હક અને રોજીરોટી બચાવવા માટે ખેડૂતોને રસ્તા પર ઉતરીને આંદોલન કરવાની ફરજ પડી રહી છે. સ્થાનિક ખેડૂત સંગઠનો અને જાગૃત નાગરિકોમાં એવા પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કે: વહીવટી ગરબડની સજા ખેડૂતોને કેમ?: જો શુગર મિલના સંચાલકો કે માલિકોની નાણાકીય ગરબડ કે ભૂલોના કારણે આટલી મોટી આઈટી રિકવરી આવી હોય, તો જવાબદાર અધિકારીઓ અને સંચાલકો સામે કોઈ આકરી કાનૂની કે વહીવટી કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? રાજકીય વગ ધરાવતા શુગર મિલ માલિકો અને આકાઓને બચાવવા માટે આખો બોજ સામાન્ય ખેડૂતોના માથે નાખી દેવામાં આવ્યો છે?

## વડોદરાના અકોટા પોલીસ સ્ટેશનમાં વકીલો વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા

### પીછો કરવાથી લઇને અકસ્માત અને બળાત્કારની ફરિયાદ સુધીના સણસણતા આક્ષેપો!

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાના અકોટા પોલીસ મથકે આજે કાયદાના રક્ષક ગણાતા વકીલો વચ્ચે જ મામલો ગરમ થઈ જતાં ભારે ચકચાર જાગી છે. બે પુરુષ એડવોકેટ અને એક મહિલા વકીલ સામસામે આવી જતાં કાનૂની વર્તુળોમાં પણ નાના-મોટા કૂથલી-ચર્ચાના દોર શરૂ થઈ ગયા છે. એડવોકેટ હિતેશ ગુપ્તા સામે પક્ષે એડવોકેટ નિકુંજ વરસાડા તથા તેમના પત્ની સ્મૃતિ પટેલ એકબીજા સામે ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવવા અકોટા પોલીસ મથકે પહોંચતા સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

એડવોકેટ હિતેશ ગુપ્તાએ સામેવાળા પક્ષ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેઓ દિવાળીપુરા ન્યાય મંદિર કોર્ટ સંકુલમાં પોતાના કામ અર્થે ગયા હતા ત્યારે એડવોકેટ નિકુંજ વરસાડા અને તેમના પત્ની સ્મૃતિ પટેલ તેમનો પીછો કરી રહ્યા હતા. આટલું જ નહીં, સ્મૃતિ પટેલે તેમની ફોર વ્હીલર ગાડી સામે પોતાનું એક્ટિવા ઊભું રાખી દઈને અવરોધ ઊભો કર્યો હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. વિવાદમાં નવો વળાંક આપતાં એડવોકેટ હિતેશ ગુપ્તાએ જણાવ્યું કે, સંખેડા કોર્ટમાં તેમની સામે બળાત્કારની ખોટી અને ઉપજાવી કાઢેલી ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમણે ખુલ્લો પડકાર ફેંકતા આ મામલે પોતાનો નાર્કો ટેસ્ટ કરાવવાની માંગ કરી છે. ગુપ્તાએ ઉમેર્યું હતું કે જો તેમની સામેના આક્ષેપો સાચા સાબિત થાય તો તેઓ આજીવન વકીલાતનો વ્યવસાય છોડી દેવા તૈયાર છે.

## જી સફળ યોજના મળવા બાબત અને વિકાસના કામો યોગ્ય રીતે ન થતા હોય તેમ જ ફિલ્ડ કોચને હેરાનગતિ બાબતે કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદન

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**



છોટાઉદેપુર જિલ્લામાં જી સફલ યોજના તેમજ વિકાસના કામો અને ફિલ્ડને હેરાનગતિ બાબતે કંટાળેલા કર્મચારીઓએ આજરોજ છોટાઉદેપુર જિલ્લા સેવાસદન કચેરી ખાતે જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી

જી સફળ યોજના 8 માર્ચ 2025 ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નવસારી ખાતેથી ચાલુ કરવામાં આવી હતી જેમાં અમારા છોટાઉદેપુરના કવાંટ તાલુકામાં દરેક ગામડાઓને અંત્યોદય પરિવારને લાભ આપવા માટે યોજના ચાલુ કરવામાં આવી હોય જેમાં 50 જેવા ફિલ્ડ કોચની સાથે ગામના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં દરેક ગામના અંતેદય લાભાર્થીના સર્વે બે વર્ષ કર્યા બાદ એકવાર સર્વે કર્યું હતું જેમાં લાભાર્થીઓને લાભ આપવા માટે જણાવવામાં આવ્યું હતું પણ હાલ યોજનાને સ્થગિત કે બંધ કરવામાં આવી છે ફિલ્ડ કોચને ને ખૂબ જ પરેશાની અને હાલાકી ભોગવી રહ્યા છે તેમજ લાભાર્થીને કોચના ઘરે જઈને અથવાતો રસ્તામાં પૂછે છે કે યોજના નો લાભ ક્યારે મળશે? જે અંગેની રજૂઆત તારીખ 17/ 7/ 26 ના રોજ તાલુકા કક્ષાએ પણ કરી હતી પરંતુ એ બાબતે કોઈ જવાબ મળ્યો નથી જ્યારે લાભાર્થીઓના સવાલોથી અમો કંટાળી ગયા છે જેની સાથે છેલ્લા મેં 2026 અને જુન મહિનાનું માનવ વેતન આજસુધી અમોને આપવામાં આવ્યો નથી જેની પણ રજૂઆત કરવામાં આવી છે.

### કપડવંજમાં બાળકોના આરોગ્ય સાથે ખુલ્લો ખીલવાડ!

# રૂ.66 હજારનો ગેરકાયદે દવાનો જથ્થો સીઝ છતાં ડોક્ટર બેફામ!

**ખેડા**

કપડવંજ શહેરના ધોળીકુઈ વિસ્તારમાંથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ) દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ આરોગ્ય ક્ષેત્રે મોટો ધડાકો થયો છે. વિસ્તારમાં વર્ષોથી પ્રેક્ટિસ કરતા તબીબ ‘બાવીશી વાળા’ને ત્યાં તંત્રએ સપાટો બોલાવી નાના બાળકોને આપવામાં આવતી કહેવાતી ‘રતવાની દવા’નો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, દરોડાના બે જ દિવસમાં આ દવાખાનું ફરી ધમધમતું જોવા મળતાં તંત્રની કામગીરી અને રહેમનજર સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે અચાનક પાડેલા દરોડા દરમિયાન દવાખાનામાંથી આશરે રૂ. ૬૬,૦૦૦ની કિંમતનો લાલ કલરની દવાનો જથ્થો કબજે કર્યો છે. તંત્રના સત્તાવાર દાવા મુજબ, આ દવા બનાવવા કે તેનો સંગ્રહ કરવા માટે ડોક્ટર પાસે કોઈપણ પ્રકારનું કાયદેસરનું લાયસન્સ કે પરવાનો નહોતો. કોઈ પણ પ્રકારની મેન્યુફેક્ચરિંગ ડેટ (ઉત્પાદન તારીખ) કે




એક્સપાયરી ડેટ નહોતી. બેચ નંબર કે ઉત્પાદન આધારિત કાયદેસરના દસ્તાવેજો ગાયબ હતા. વેચાણ માટેના બિલો, કેસ મેમો કે સ્ટોક રજિસ્ટર પણ નિભાવવામાં આવતું નહોતું. આ તમામ પુરાવા સ્પષ્ટ કરે છે કે અહીં માસુમ બાળકોના જીવના જોખમે ગેરકાયદેસર રીતે દવાનું ઉત્પાદન અને વેચાણનું કાળાબજાર ચાલતું હતું. સ્થાનિક રહીશોમાંથી મળતી વિગતો મુજબ, આ દવાખાનામાં છેલ્લા ઘણા વર્ષોથી નાના બાળકોને આ પ્રકારની દવાઓ આપવામાં આવી રહી છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે આટલા દીર્ઘકાળ સુધી માસુમ બાળકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ થતો રહ્યો છતાં સ્થાનિક આરોગ્ય તંત્ર કેમ ઘોર નિંદ્રામાં ઝડપાયેલું રહ્યું? શું કોઈ મોટી અપ્રત્યક્ષ છત્રછાયા હેઠળ આ ગોરખધંધો ચાલી રહ્યો હતો? ગત ૭ ઓગસ્ટના રોજ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ ધાડ પાડવામાં આવી હતી અને દવાનો જથ્થો સીઝ કરાયો હતો. પરંતુ સિસ્ટમની નાકામી કે ડોક્ટરની દાદાગીરી જુઓ–માત્ર બે જ દિવસમાં, એટલે કે ૯ ઓગસ્ટના રોજ આ દવાખાનું પુનઃ ધમધમતું જોવા મળ્યું હતું!

## કરજણ મોડલ ફાયર સ્ટેશનમાં 5 નવા કર્મચારીઓની નિમણૂક

### અક્ષય પટેલ સહિત આગેવાનોના હસ્તે એનાયત કરાયા નિમણૂક પત્ર

**કરજણ**



કરજણ નગરપાલિકા દ્વારા વડોદરા જિલ્લાના મોડલ ફાયર સ્ટેશન માટેની મહેકમ ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી 5 નવા કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે.

આ નિમણૂકથી ફાયર સ્ટેશનની કામગીરી વધુ મજબૂત અને ઝડપી બનશે.

10 ઓગસ્ટ, 2026ના રોજ કરજણ ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં તમામ 5 નવનિયુક્ત ઉમેદવારોને સત્તાવાર નિમણૂક પત્રો આપવામાં આવ્યા.

કરજણ-શિનોરના ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ, કરજણ નગરપાલિકા પ્રમુખ, કારોબારી ચેરમેન, ટાઉન પ્લાનિંગ ચેરમેન, શાસકપક્ષના નેતા, દંડક તેમજ નગરપાલિકાના સભ્યોના હસ્તે પત્રો એનાયત કરાયા.

નિમણૂક પત્ર આપ્યા બાદ નવનિયુક્ત કર્મચારીઓને તાત્કાલિક અસરથી ફરજ પર હાજર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

માનવબળમાં વધારો થવાથી આગ, અકસ્માત કે અન્ય આપત્તિજનક પરિસ્થિતિઓમાં તાત્કાલિક પ્રતિસાદ (ઈમરજન્સી રિસ્પોન્સ) આપી શકાશે. ધારાસભ્ય અક્ષયભાઈ પટેલે નવનિયુક્ત કર્મચારીઓને નિષ્ઠા, શિસ્ત અને સેવાભાવ સાથે ફરજ બજાવવા આહ્વાન કરી નવી ઈનિંગ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### 80 કિમીના પટ્ટામાં 40 જગ્યાએ ગાબડાં

## 1.04 લાખ કરોડના દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ‘લોટ-પાણીને લાકડા’!

**સુરત/ભરૂચ**

વાહનચાલકોનો સમય અને ઈંધણ બચે તથા ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે ટ્રાફિક મુક્ત પ્રવાસ થઈ શકે તે માટે દેશભરમાં આશરે રૂ. ૧.૦૪ લાખ કરોડના ખર્ચે ૧,૩૮૬ કિલોમીટર લાંબા ‘દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે’ (NE-4) નું નિર્માણ કરવામાં આવ્યું. પરંતુ દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના એના (પલસાણા) થી ભરૂચ સુધીના માત્ર ૮૦ કિલોમીટરના સ્ટ્રેચ પર ગ્રાઉન્ડ રિયાલિટી તંત્રના ભ્રષ્ટાચારની પોલ ખોલી રહી છે. હજુ તો આ રોડ ખુલ્લો મૂકાયો જ છે, ત્યાં જ નિર્માણ કાર્યમાં ઘોર બેદરકારી અને ‘લોટ-પાણીને લાકડા’ જેવી કામગીરી છતી થઈ ગઈ છે. ૮૦ કિલોમીટરના આ પટ્ટામાં માત્ર થોડા જ સમયમાં ૪૦ જેટલી જગ્યાઓ પર મેજર રિપેરિંગ કામ શરૂ કરવું પડ્યું છે.



એનાથી ભરૂચ તરફ જતાં ૨૧ અને ભરૂચથી એના આવતા ૧૯ સ્થળોએ રોડ તૂટી ગયો છે! ૨ કિલોમીટરનો આખો RCC રોડ તોડાયો: ભરૂચ અને કિમ વચ્ચે આવેલા પુન ગામ નજીક રોડની સરફેસ સંપૂર્ણપણે ક્રેક થઈ જતાં અને રોડ બેસી જતાં, પુન ગામ પાસે ૨ કિલોમીટરથી વધુ લાંબો આખો ને આખો આરસીસી (RCC) રોડ તોડીને નવેસરથી બનાવવાની નોબત આવી છે.

કિમથી ભરૂચ તરફ જતાં એક જગ્યાએ રોડની સાઈડનું કોંક્રીટ ડિવાઈડર તૂટી પડ્યું છે અને લેન્ડ સ્લાઈડ થતાં રોડનો એક તરફનો આખો ભાગ નીચે ધસી પડ્યો છે. કરોડોના ખર્ચે બનેલા આ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે પર જ્યારે રોડ તૂટીને બેસી ગયો, ત્યારે કોન્ટ્રેક્ટર અને NHAI તંત્ર દ્વારા તૂટેલા રોડને ટેકો આપવા માટે રેતી અને માટી ભરેલી બોરીઓ (ગૂણો) મૂકીને કામચલાઉ ‘થાગડ-થિગડ’ કરવામાં આવ્યું છે! ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે દોડતા વાહનો માટે આ પ્રકારની બેદરકારી કાળ સમાન બની ગઈ છે. સહેજ પણ નજર ચૂકી તો આડેધડ ચાલતા સમારકામ અને ડાયવર્ઝનને કારણે ગંભીર જાનલેવા અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

## ભરૂચમાં ટ્યુશન શિક્ષક સામે POCSO હેઠળ ગુનો : 14 વર્ષની સગીરા સાથે અડપલાંની ફરિયાદ

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચ જિલ્લાના એક ગામમાં ટ્યુશન ક્લાસમાં ભણતી 14 વર્ષની સગીર વિદ્યાર્થીની સાથે શિક્ષકે અયોગ્ય સ્પર્શ કર્યો હોવાની ઘટના સામે આવી છે. સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસે ટ્યુશન શિક્ષક સામે POCSO એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ, સગીરા ટ્યુશન ક્લાસમાં પહોંચી ત્યારે અન્ય વિદ્યાર્થીઓ હાજર નહોતા. ક્લાસમાં કોઈ ન હોવાનો લાભ ઉઠાવી શિક્ષકે સગીરા સાથે વાતચીત કરી તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. બાદમાં અન્ય વિદ્યાર્થીઓ આવતાં જ સગીરાએ આ વિગત તેની બહેનપણીને જણાવી હતી. ટ્યુશન પૂર્ણ કરી ઘરે પરત ફર્યા બાદ સગીરાએ આ આપવીતી તેની માતાને કહી હતી. આથી પરિવારજનોએ તુરંત ટ્યુશન શિક્ષકનો સંપર્ક કરીને પૂછપરછ કરી હતી, પરંતુ તેણે કોઈ સંતોષકારક ઉત્તર ન આપતાં સગીરાની માતાએ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. માતાની ફરિયાદના આધારે પોલીસે શિક્ષક એયુબખાન ઉમરભાઈ બેલીમ વિરુદ્ધ POCSO એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

### ગોરવા પોલીસ સ્ટેશનની હદમાં લુખ્ખારાજ

## નહિવત બાબતે લોહિયાળ ધીંગાણું, ટોળાં વીખેરવા પોલીસ દોડી આવી..!

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરામાં અસામાજિક અને લુખ્ખા તત્વોનો ત્રાસ દિવસ-રાત બેફામ બની રહ્યો છે. શહેરના ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નજીવી બાબતે શરૂ થયેલી બોલાચાલીએ અચાનક ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં બે જૂથો વચ્ચે ધાંધલ-ધમાલ અને મારમારીના દ્રશ્યો સર્જાયા હતા. ભરચક વિસ્તારમાં અચાનક સામસામે આવી ગયેલા તત્વોના કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિકો દ્વારા તાત્કાલિક ૧૧૨ નંબર પર ઈમરજન્સી કોલ કરવામાં આવ્યો હતો. કંટ્રોલ રૂમમાંથી મેસેજ મળતાં જ ગોરવા પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને સ્થળ પર ભેગા થયેલા ઉશ્કેરાયેલા ટોળાંઓને વિખેરી નાખ્યા હતા અને પરિસ્થિતિને વધુ વણસતી અટકાવીને કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર મામલો હાલ ગોરવા પોલીસ સ્ટેશન પહોંચ્યો છે, જ્યાં બંને પક્ષે સામસામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જોકે, આ ઘટના બાદ સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અવારનવાર બનતી આવી ઘટનાઓને કારણે ગોરવા પોલીસ સ્ટેશનની કામગીરી અને નાઈટ પેટ્રોલિંગ સામે અનેક ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

ગોરવા પોલીસની નિષ્ક્રિયતા સામે ઉઠતા તીખા સવાલો: બેફામ લુખ્ખાગીરી: શું ગોરવા વિસ્તારમાં પોલીસનો ખાખી વરધીનો ખોફ સાવ ઓગળી ગયો છે? રહીશોની સુરક્ષા: નહિવત બાબતે જો જાહેર રસ્તા પર આવી રીતે ધીંગાણું થતું હોય તો સામાન્ય નાગરિકે સુરક્ષિત ક્યાં રહેવું? કડક પગલાંની માંગ: અસામાજિક તત્વો સામે માત્ર કાગળ પરની કાર્યવાહી કરવાને બદલે પોલીસ ક્યારે દાખલારૂપ અને કડક પગલાં ભરશે?

શહેરમાં સતત વધી રહેલા આવા બનાવોથી પ્રજામાં ભયનો માહોલ છે. હવે જોવાનું એ રહેશે કે ગોરવા પોલીસ આ કાયદો હાથમાં લેનારા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી કરે છે કે પછી મામલો કાગળ પર જ શાંત થઈ જશે.

### VMCની નબળી કામગીરી...!

## વડોદરાના વડીવાડીમાં રસ્તો બન્યો ખાડો! મામુલી ભારથી ટ્રકનું ટાયર જમીનમાં ખૂંપ્યું!

**વડોદરા, સિકંદર પઠાણ**

સંસ્કારી નગરી વડોદરામાં પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ રસ્તાઓની ગુણવત્તાના નામે કરોડો રૂપિયાનો ધુમાડો થતો હોવાના દાવાઓ વચ્ચે તંત્રની પોલ ખૂલી ગઈ છે. શહેરના વોર્ડ નંબર-૮ માં આવેલા વડીવાડી ગામના મુખ્ય માર્ગ પર અચાનક મોટો ભુવો પડતાં કન્સ્ટ્રક્શન સામાન ભરેલી આઈસર ટ્રક ફસાઈ ગઈ હતી. રસ્તો અચાનક ધસી પડતાં આઈસર ટ્રકનું આખું પાછળનું ટાયર જમીનમાં ગરકાવ થઈ ગયું હતું.

ઘટના અંગે આઈસરના ડ્રાઈવરે ચોંકાવનારો ખુલાસો કરતાં જણાવ્યું હતું કે, વાહનમાં કોઈ ક્ષમતા કરતાં વધુ કે ઓવરલોડ સામાન ભરેલો




નહોતો. છતાં પણ સામાન્ય વજન ધરાવતા વાહનના પસાર થવાથી આખો રસ્તો ધસી પડ્યો હતો. રસ્તા પર આઈસર ફસાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ત્યારબાદ આઈસરમાં ભરેલો કન્સ્ટ્રક્શન સામાન ટ્રેક્ટરમાં ખાલી કરવામાં આવ્યો હતો અને ભારે જહેમત બાદ ક્રેન બોલાવીને આઈસર ટ્રકને ભુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

મુખ્ય માર્ગ પર ભુવો પડવાની અને આઈસર ફસાવાની ઘટનાને કારણે રોડ પર થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સામાન્ય વાહનના ભારથી જ મુખ્ય રસ્તો ધસી પડે અને મોટો ભુવો પડી જાય, તે ઘટના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ની નબળી કામગીરી અને ભ્રષ્ટ નીતિઓ સામે સણસણતા સવાલો ઊભા કરે છે: ક્યાં જાય છે પ્રજાના ટેક્સના પૈસા?: નવા બનેલા રોડ-રસ્તાઓ ગણતરીના દિવસોમાં કેમ ધસી પડે છે?

### સરકારી મશીનરીની ઘોર બેદરકારી કે રેકોર્ડ સળગાવવાનું કાવતરું?

## ગાંધીનગરમાં સચિવાલયના બ્લોક નંબર-૯ના ભોંયરામાં ભીષણ આગ

**ગાંધીનગર**

રાજ્યના તંત્રના નાક નીચે અને તમામ વહીવટી પ્રક્રિયાના કેન્દ્ર સમા ગાંધીનગરના નવા સચિવાલય પરિસરમાંથી એક ચોંકાવનારા અને ગંભીર સમાચાર સામે આવ્યા છે. સચિવાલયના અત્યંત મહત્વપૂર્ણ ગણાતા બ્લોક નંબર-૯ ના ભોંયરામાં (બેઝમેન્ટમાં) અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગની ચપેટમાં આવતા અનેક મહત્વના સરકારી રેકોર્ડ્સ અને દસ્તાવેજો બળીને રાખ થઈ ગયા છે. સુરક્ષાના કડક દાવો કરતી સરકારી કચેરીના બેઝમેન્ટમાં લાગેલી આ આગે માત્ર કાગળો જ નહીં, પરંતુ સમગ્ર વહીવટી તંત્રની સુરક્ષા વ્યવસ્થા પર પણ સળગતા પ્રશ્નો ઊભા કરી દીધા છે.

મળતી માહિતી મુજબ, નવા સચિવાલયના બ્લોક નંબર-૯ ના ભોંયરામાં જ્યાં જૂના અને મહત્વના સરકારી રેકોર્ડ્સ અને ફાઈલોનો સંગ્રહ કરવામાં આવે છે, ત્યાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં ધુમાડાના કાળા ગોટા આખા બ્લોકમાં પ્રસરી ગયા હતા, જેના કારણે કચેરીમાં હાજર કર્મચારીઓ અને અરજદારોમાં ભારે આફરાતફરી મચી ગઈ હતી.

આગની જાણ થતાં જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક અહેવાલો મુજબ, ભોંયરામાં રાખવામાં આવેલા સરકારી વિભાગોના અત્યંત સંવેદનશીલ અને મહત્વના દસ્તાવેજો સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા છે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે, પરંતુ પ્રજા અને વિપક્ષમાં આ ઘટનાને લઈને ભારે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.


## તંત્રી લેખ...

# આરક્ષણ: સામાજિક ઉદ્ધારની સીડી કે કાયમી ટેકાની ટેવ? બદલાતા ભારતનો એક અણિયારો પ્રશ્ન

આઝાદ ભારતના બંધારણમાં જ્યારે આરક્ષણ (અનામત) ની નીતિ દાખલ કરવામાં આવી, ત્યારે એનો આશય અત્યંત પવિત્ર અને સ્પષ્ટ હતો–સદીઓથી સામાજિક અન્યાય સહન કરી રહેલા, શિક્ષણ અને સંસાધનોથી વંચિત રહેલા વર્ગને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે એક ચોક્કસ સમયગાળા સુધી વિશેષ સહારો આપવો. પરંતુ આઝાદીના સાત દાયકાથી પણ વધુ સમય વિતી ગયા પછી અને બે-બે કે ત્રણ-ત્રણ પેઢીઓ સુધી અનામતના તમામ આર્થિક તથા સામાજિક લાભો મેળવ્યા બાદ પણ જો ચર્ચા માત્ર "મારો હક હજુ બાકી છે" કે "અમને કાયમી અનામત આપો" પર જ અટકી રહે, તો આજે દરેક તટસ્થ અને વિચારશીલ નાગરિકે પોતાની જાતને આ અણિયારો પ્રશ્ન પૂછવો જ પડે: આરક્ષણનો અંતિમ હેતુ શું હતો? પાછળ રહી ગયેલા માણસને આગળ લાવીને સક્ષમ બનાવવો કે પછી પેઢી દર પેઢી એક જ વ્યવસ્થાનો લાભ લેતા રહેવાની ટેવ પાડવી?

## સહાયનો સાચો અર્થ અને કાયમી નિર્ભરતાની માનસિકતા

કોઈપણ કલ્યાણકારી રાજ્યમાં સહાય કે વિશેષ તકનો મૂળ અર્થ એવો હોવો જોઈએ કે જે-તે વ્યક્તિ કે પરિવાર તે સહારાના બળે શિક્ષણ, નોકરી કે આર્થિક સ્થિતિમાં સુધારો કરે અને એક દિવસ પોતાના પગ પર ઊભો થઈને ગર્વ સાથે સમાજ સામે કહે–"હવે મને



કોઈ વિશેષ સબસિડી કે અનામતના ટેકાની જરૂર નથી; હવે મારી મહેનત, મારી ક્ષમતા અને મારી ગુણવત્તા જ મારી સાચી ઓળખ છે."

પરંતુ વાસ્તવિકતા તદ્દન વિપરીત દેખાઈ રહી છે. જ્યારે એક જ પરિવારમાં દાદા, પિતા અને હવે પૌત્ર એમ સતત બબ્બે-ત્રણ પેઢીથી ઉચ્ચ સરકારી હોદ્દાઓ, મફત શિક્ષણ અને તકોનો મહત્તમ લાભ મેળવાઈ ચૂક્યો હોય, પરિવાર તમામ રીતે આર્થિક અને સામાજિક રીતે સમૃદ્ધ બની ગયો હોય, છતાં પણ આગામી પેઢી માટે "મારો વર્ગ" કહીને એ જ અનામતની માંગણી ચાલુ રાખવામાં આવે, ત્યારે પ્રશ્ન કોઈ એક વ્યક્તિનો કે નિયતનો નથી રહેતો–પ્રશ્ન આખી નીતિગત વ્યવસ્થાની રચનાનો બની જાય છે. જે અનામતનો લાભ સમાજના સૌથી છેવાડાના, ગરીબ અને ખરેખર જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચવો જોઈતો હતો, તેને અનામતમાં જ ઊભા થયેલા એક 'શ્રીમંત અને સક્ષમ વર્ગ' (ક્રીમી લેયર) દ્વારા હડપ કરી લેવામાં આવે છે. પરિણામે, જે વાસ્તવમાં ગરીબ અને વંચિત છે તે આજે પણ ત્યાંનો ત્યાં જ રહી જાય છે.

## મેરિટ, ગુણવત્તા અને સામાજિક ન્યાય વચ્ચેનો વિરોધાભાસ

એ વાતનો સ્વીકાર કરવો જ પડે કે માત્ર પરીક્ષાના ગુણ કે માર્ક્સ એ જ લાયકાતનું એકમાત્ર માપદંડ નથી. જે બાળકની શરૂઆતની સામાજિક, આર્થિક અને કૌટુંબિક પરિસ્થિતિ જ અત્યંત વિષમ હોય, તેને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સરખી તક આપવી એ સામાજિક ન્યાયનો પ્રાથમિક તકાદો છે. પરંતુ બીજી તરફ, પેઢીઓ સુધી તકો મળ્યા પછી પણ જો કાયમ માટે 'મેરિટ' અને ગુણવત્તાને ગૌણ બનાવી દેવામાં આવે, તો તે પણ સાચો સામાજિક ન્યાય નથી.

જે દેશમાં લાયકાત, મેરિટ અને ક્ષમતાને બદલે માત્ર જ્ઞાતિ કે વર્ગના આધારે તકોની વહેંચણી થતી રહે, તે દેશમાં પ્રતિભા પલાયન (Brain Drain) ની સમસ્યા વકરે છે. જ્યારે કોઈ સામાન્ય કે બિન-અનામત વર્ગનો તેજસ્વી યુવાન રાત-દિવસ એક કરીને ૯૫% ગુણ લાવવા છતાં પ્રવેશ કે નોકરીથી વંચિત રહી જાય અને તેની સામે ઓછી ટકાવારી ધરાવતો સક્ષમ અનામત વર્ગનો ઉમેદવાર પસંદગી પામે, ત્યારે યુવાધન અને સમાજમાં એક અદ્રશ્ય અસંતોષ, હતાશા અને આક્રોશની ભયાનક ખાઈ ઊભી થાય છે.

## સીડી બનવાને બદલે કાયમી વિસામો કેમ?

આરક્ષણનો સાચો હેતુ કોઈને કાયમી રીતે શ્રેષ્ઠ કે ગૌણ રાખવાનો ન હોવો જોઈએ. આરક્ષણ એ એક 'સામાજિક સીડી' હતી જેના પર પગ મૂકીને વંચિત વર્ગે ઉપર આવવાનું હતું, પણ દુર્ભાગ્યવશ તે સીડી બનવાને બદલે કાયમી 'ટેકો' બની ગયું છે.

ઈતિહાસ અને મનોવિજ્ઞાન સાક્ષી છે કે કાયમી ટેકો કે વિસામો ક્યારેય કોઈ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રને આત્મનિર્ભર કે મજબૂત બનાવી શકતો નથી. પોતાના બળે, પોતાની ક્ષમતાના આધારે સંઘર્ષ કરીને ઊભા રહેવાની શક્તિ જ સમાજમાં આત્મસન્માન અને સાચું સામર્થ્ય પેદા કરે છે.

## સમયનો પોકાર: નીતિમાં ધરખમ સુધારાની જરૂરિયાત

હવે સમય આવી ગયો છે કે અનામતની સમગ્ર વ્યવસ્થાની વ્યાપક અને તટસ્થ પુનઃસમીક્ષા કરવામાં આવે.

આર્થિક આધાર: અનામતનો માપદંડ કેવળ જ્ઞાતિ કે જન્મ આધારિત હોવાને બદલે શુદ્ધ આર્થિક સ્થિતિ આધારિત હોવો જોઈએ, જેથી દરેક જ્ઞાતિ-ધર્મના ગરીબ અને વંચિત બાળકને તેનો સીધો લાભ મળી શકે.

એક પદ-એક લાભ: જે પરિવારમાં એક કે બે પેઢીને અનામતનો લાભ મળી ગયો હોય અને તેઓ ગરીબીરેખામાંથી બહાર આવી ગયા હોય, તેમને સ્વૈચ્છિક કે કાયદાકીય રીતે આ લાભમાંથી બહાર કરી સાચા જરૂરિયાતમંદો માટે જગ્યા કરવી જોઈએ.

જ્યાં સુધી આપણે અનામતને રાજકીય વોટબેંકના ચશ્માથી જોવાનું બંધ નહીં કરીએ અને તેને માત્ર જરૂરિયાત અને ક્ષમતાવર્ધનનું સાધન નહીં બનાવીએ, ત્યાં સુધી સમાજમાં સાચી સમરસતા આવી શકશે નહીં. કાયમી ટેકો હટાવીને સમાજને પોતાના પગે ઊભો કરવાનો સમય હવે પાકી ગયો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# રાજકોટનો 'સ્ટોનકિલર' - રાતના અંધારામાં ખેલાતો ભયાનક ખૂની ખેલ અને ગુજરાત પોલીસનું સૌથી જટિલ ઓપરેશન




વર્ષ ૨૦૧૬ના મધ્યમાં સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા રાજકોટ શહેરમાં એક એવો અદ્રશ્ય હત્યારો સક્રિય થયો હતો, જેણે સમગ્ર ગુજરાતમાં ભારે સન્નાટો અને ફફડાટ વ્યાપી દીધો હતો. રાત્રિના સમયે ફૂટપાથ પર કે ખુલ્લામાં સૂતેલા નિસહાય લોકોને નિશાન બનાવી તેમના માથા પર ભારે પથ્થર કે સિમેન્ટની પાટડી મારીને ક્રૂરતાપૂર્વક પતાવી દેવાની આ ઘટનાઓને કારણે તે 'સ્ટોનકિલર' (પથ્થરમાર) તરીકે ઓળખાયો. આ કોઈ સામાન્ય કેસ નહોતો, પરંતુ ગુજરાત પોલીસના ગુનાખોરીના ઈતિહાસમાં સૌથી વધુ નાટ્યાત્મક, જટિલ અને અગ્નિપરીક્ષા સમાન ગણાતો સાયકો કિલરનો કેસ હતો.

### દહેશતનો પ્રારંભ અને શહેરમાં ભયનું મોજું

એપ્રિલ ૨૦૧૬માં રાજકોટના ભક્તિનગર અને આસપાસના વિસ્તારોમાં અચાનક એક પછી એક રહસ્યમય હત્યાઓનો સિલસિલો શરૂ થયો. હત્યારાની કાર્યપદ્ધતિ અત્યંત ભયાનક હતી. રાત્રિના ૨ થી ૫ વાગ્યાના ગાળામાં જ્યારે સમગ્ર શહેર ઘોર નિંદ્રામાં હોય, ત્યારે આ અદ્રશ્ય રાક્ષસ નીકળતો. રસ્તા પર, પાનના ગલ્લા પાસે કે સાર્વજનિક સ્થળોએ એકલા સૂતેલા કે ચાલતા નિર્દોષ લોકોને તે લક્ષ્ય બનાવતો. માથાના ભાગે ભારે પથ્થર કે રોડસાઈડ પર પડેલી સિમેન્ટની પાટડી મારીને કૌરવતાપૂર્વક હત્યા કરી દેવાતી હતી. માત્ર બે જ મહિનાના ટૂંકા સમયગાળામાં ૩થી વધુ લોકોની એક જ પદ્ધતિથી હત્યા થતાં જ રાજકોટવાસીઓ રાત્રે ઘરની બહાર નીકળતા પણ અચકાવા લાગ્યા. સામાન્ય નાગરિકોમાં એવી દહેશત હતી કે રાત્રે રસ્તા પર સૂવું એટલે મોતને વહાલું કરવું.

### પોલીસ માટે કેમ બન્યો સૌથી મોટો કોયડો?

સામાન્ય રીતે કોઈપણ ગુનાહિત તપાસમાં પોલીસ માટે કેટલાક પ્રાથમિક મુદ્દાઓ માર્ગદર્શક બનતા હોય છે, પરંતુ આ કેસમાં તમામ પરંપરાગત તપાસ પદ્ધતિઓ નિષ્ફળ સાબિત થઈ રહી હતી: અંગત મોટિવનો અભાવ: હત્યાઓ પાછળ કોઈ અંગત વૈરઝેર, જમીન-મિલકતનો વિવાદ, નાણાકીય લેવડદેવડ કે પ્રેમપ્રકરણ જેવો કોઈ સ્પષ્ટ હેતુ નહોતો. લૂંટનો કોઈ ઈરાદો નહીં: હત્યારો મૃતક પાસે રહેલા પૈસા, મોબાઈલ કે અન્ય કિંમતી સામાનને હાથ પણ લગાડતો નહોતો. પીડિત અને હત્યારા વચ્ચે શૂન્ય સંબંધ: મૃતકો અને હત્યારા વચ્ચે કોઈ જ પૂર્વ ઓળખાણ નહોતી, જેથી સંભવિત શંકાસ્પદોની યાદી બનાવવી અશક્ય બની ગઈ હતી.

સાક્ષીઓ અને પુરાવાનો અભાવ: હત્યાઓ મોડી રાત્રે અવાવર જગ્યાઓએ થતી હોવાથી કોઈ ચક્ષુદર્શી સાક્ષી કે ઘટનાસ્થળેથી મજબૂત ભૌતિક પુરાવા મળતા નહોતા.

પીઆઈ એચ. એમ. ગઢવી અને ટીમની માસ્ટરપ્લાન હરચના

આ જટિલ કોયડાને ઉકેલવા અને શહેરને ભયમુક્ત કરવા માટે તત્કાલીન રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એચ. એમ. ગઢવી અને તેમની ટીમે તપાસની કમાન સંભાળી. પીઆઈ એચ. એમ. ગઢવીના નેતૃત્વ હેઠળ પોલીસે એક અત્યંત જોખમી અને ઝીણવટભરી વ્યૂહરચના ઘડી:

૧. ડિગાઈઝ ઓપરેશન (વેશપલટો): હત્યારાને રંગેહાથ ઝડપવા માટે પોલીસ જવાનોને સાદા કપડાંમાં ભિખારી, મજૂર અને બેઘર લોકોના વેશમાં મોડી રાત્રે ફૂટપાથ અને સંવેદનશીલ વિસ્તારોમાં ઊંઘાડવામાં આવ્યા.

૨. હજારો કલાકના સીસીટીવી સ્ક્રીનિંગ: શહેરના વિવિધ માર્ગો પરના સેંકડો સીસીટીવી કેમેરાના હજારો કલાકના ફુટેજ રાત-દિવસ એક કરીને તપાસવામાં આવ્યા.

૩. ગ્રાઉન્ડ ઈન્ટેલિજન્સ અને પેટ્રોલિંગ: રાત્રિ પેટ્રોલિંગમાં અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો અને સ્થાનિક બાતમીદારોનું નેટવર્ક સંપૂર્ણ રીતે સક્રિય કરી દેવાયું.

### 70 દિવસનું અથાક ઓપરેશન અને મોટો પર્દાફાશ

પોલીસની ડઝનબંધ ટુકડીઓએ ૭૦ દિવસ સુધી સતત રાત-દિવસ એક કર્યા. અથાક મહેનત અને ગ્રાઉન્ડવર્ક બાદ પીઆઈ ગઢવીની ટીમને એક શંકાસ્પદ હિલચાલ અંગે મહત્વની કડી મળી. સીસીટીવી ફુટેજ અને બાતમીદારોની ચોક્કસ માહિતીના આધારે પોલીસે હિતેશ રામાવત નામના શંકાસ્પદ શખ્સની અટકાયત કરી.

પ્રારંભિક પૂછપરછમાં હિતેશ પોતે નિર્દોષ હોવાનો નાટક કરી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરતો રહ્યો. પરંતુ પીઆઈ ગઢવી અને તેમની ટીમની આકરી, વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પૂછપરછ સામે આખરે તે ભાંગી પડ્યો અને તેણે ત્રણેય દર્દનાક હત્યાઓની વિગતવાર કબૂલાત કરી લીધી.

સાયકોપેથિક માનસિકતાનો ખુલાસો

તપાસમાં જે સત્ય સામે આવ્યું તેણે પોલીસ બેડા સહિત સૌકોઈને ચોંકાવી દીધા. આરોપી હિતેશ રામાવત ગંભીર સાયકોપેથિક લક્ષણો અને માનસિક વિકૃતિથી પીડાતો હતો. તેને રાત્રિના સમયે એકલવાયા લોકોને લક્ષ્ય બનાવી તેમના પર પ્રહાર કરવામાં અને તેમની હત્યા કરવામાં એક ચોક્કસ પ્રકારનો વિકૃત આનંદ મળતો હતો.

કોઈપણ પ્રત્યક્ષ સાક્ષી, ડિજિટલ પુરાવા કે સ્પષ્ટ મોટિવ વગરના આ કેસમાં માત્ર પીઆઈ એચ. એમ. ગઢવી અને તેમની ટીમની દીર્ઘદ્રષ્ટિ, અથાક મહેનત, સાહસિક વેશપલટા ઓપરેશન અને જમીની બાતમીદારોના નેટવર્કના બળ પર ગુજરાત પોલીસે આ ભયાનક સાયકો કિલરને જેલભેગો કર્યો હતો. ગુજરાત પોલીસના ઈતિહાસમાં આ કેસ સફળ ડિટેક્શનનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બની રહ્યો.

# ભીડમાં જો તુજ ન હોય તો એનાથી વિશેષ એકાંત શું હોય

માનવજાતનો ઈતિહાસ સાક્ષી છે કે આપણે હંમેશાં એકલતાથી બચવા માટે સમૂહ અને ભીડનો આશરો લેતા આવ્યા છીએ. નગરો, મહાનગરો, મેળાવડાઓ અને સોશિયલ મીડિયાના આ આધુનિક યુગમાં માણસ



અસંખ્ય ચહેરાઓની વચ્ચે ઘેરાયેલો રહે છે. પરંતુ ચિંતનનો વિષય એ છે કે આટલી વિરાટ ભીડની વચ્ચે હોવા છતાં, મનુષ્યના અંતરાત્મામાં એક અકળ એકલતા કેમ ધબક્યા કરે છે? આ પ્રશ્નનો ઉત્તર કોઈ ભૌગોલિક અંતરમાં નથી, પણ હૃદયના જોડાણમાં છે. જો હજારો ચહેરાઓની વચ્ચે પણ આપણી પોતાની કહી શકાય તેવી, આપણી સંવેદનાઓને સમજનારી કોઈ એક ચોક્કસ વ્યક્તિ હાજર ન હોય, તો એ ભીડ માત્ર એક કોલાહલ બની જાય છે. એ સમયે માણસ ભીડમાં રહીને પણ બ્રહ્માંડના સૌથી મોટા એકાંતનો અનુભવ કરે છે.

સાચું એકાંત એ નથી કે જ્યાં કોઈ માણસ હાજર ન હોય, સાચું એકાંત એ છે કે જ્યાં બધા જ હાજર હોય પણ જેની આપણને ઝંખના છે તે જ એક ગેરહાજર હોય. પ્રેમ અને સંબંધોની ફિલસૂફીમાં આ પરમ સત્ય છે. જ્યારે હૃદય કોઈ એક આત્મા સાથે ઊંડાણપૂર્વક જોડાઈ જાય છે, ત્યારે આખી દુનિયા એ વ્યક્તિના હોવા કે ન હોવા પર ટકી જાય છે. તે એક વ્યક્તિની હાજરી નિર્જન અરણ્યને પણ મંગલ ઉત્સવમાં ફેરવી નાખે છે, અને તેની ગેરહાજરી ભવ્ય મહેલો કે રોશનીથી ઝળહળતા નગરોને સ્મશાન જેવી શાંતિ આપી દે છે. ચહેરાઓની ભીડ માત્ર આંખોને ભ્રમમાં રાખે છે, પણ અંતરાત્મા તો એ ભીડમાં પણ વ્યાકુળ બનીને માત્ર એ એક જ પ્રિય પાત્રને શોધતો હોય છે. હૃદયની આ પરમ વ્યાકુળતાને આ કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે કંડારી શકાય:

'હજારો ચહેરા વચમાં છે, છતાં આંખો તને શોધે,
જો તું ના હોય આ ભીડમાં, તો આખું જગત સૂનું ભાસે.'

આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં માણસ સંબંધોની ગણતરીઓમાં એટલો વ્યસ્ત થઈ ગયો છે કે તે સાચા સાન્નિધ્યનો અર્થ જ ભૂલી ગયો છે. આપણે ઈન્ટરનેટના માધ્યમથી હજારો લોકો સાથે જોડાયેલા છીએ, પણ હૃદયથી કોઈની નજીક નથી. વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે, પણ તે મનુષ્યના હૃદયની ખાલીપો ભરી શકતું નથી. આ ખાલીપો ત્યારે જ ભરાય છે જ્યારે કોઈ આપણું પોતાનું, આપણી મૂંગી વેદનાને સમજનારું આપણી પાસે હોય. તેના વગરની ભીડ એ માત્ર હાડચામના પુતળાઓનો સમૂહ છે. નિઃસ્વાર્થ પ્રેમ અને સાચા જોડાણના આ અહેસાસને લોકહૃદય હંમેશાં આ રીતે સ્વીકારે છે:

'રૂપિયા અને વૈભવથી તો માત્ર સભાઓ ભરાય છે,
પણ એક તારા વગર આ હૈયું એકાંતમાં કરમાય છે.'

આ વિચાર આપણને જીવન જીવવાનો એક બહુ મોટો સંદેશ આપે છે કે માણસની સાચી મૂડી ભૌતિક સંપત્તિ કે લોકોની સંખ્યા નથી, પણ તે હૃદયની નિકટતા છે જે તેને કોઈ એક સન્નિષ્ઠ પાત્ર પાસેથી મળે છે. ગમે તેટલી પ્રગતિ કે સામાજિક પ્રતિષ્ઠા હોય, પણ જો જીવનમાં એ આત્મિક ભીનાશ ખૂટતી હોય, તો બધું જ વ્યર્થ ભાસે છે. ભીડની વચ્ચે રહીને પણ સર્જાતું આ અલૌકિક એકાંત એ સાબિત કરે છે કે માણસ આખરે તો લાગણીઓનું જ સર્જન છે. આંતરિક શૂન્યતા અને સાચા પ્રેમનો આ સુમેળ આવનારી સદીઓ સુધી માનવજાતને એ જ સમજાવતો રહેશે કે સંબંધોનું મૂલ્ય સંખ્યામાં નહીં, પણ સંવેદનાની ઊંડાણમાં છુપાયેલું છે.

**- રૂપેશ સોલંકી**

# અયોધ્યામાં રામલલાના દાનપાત્રમાં ચોરી બાદ ભક્તોની આસ્થાને મોટો આઘાત! દર્શનાર્થીઓમાં 70%નો મોટો ઘટાડો!



અયોધ્યા/ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

કરોડો રામભક્તોની સદીઓની રાહ અને સમર્પણ બાદ નિર્માણ પામેલા અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં બનેલી એક કાળી ઘટનાએ સમગ્ર દેશના શ્રદ્ધાળુઓના દિલ તોડી નાખ્યા છે. મંદિર પરિસરમાં દાન ચોરીની ભયાનક ઘટના સામે આવ્યા બાદ રામલલાના દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સંખ્યામાં ૭૦% જેટલો જંગી ઘટાડો નોંધાયો છે. જે ધામમાં દરરોજ લાખો ભક્તોની લાંબી લાઈનો લાગતી હતી, ત્યાં આજે ભક્તોની ભીડ ગાયબ જોવા મળી રહી છે. જે દાનભેટ શ્રદ્ધાળુઓએ પોતાના પરસેવાની કમાણીમાંથી અર્પણ કરી હતી, તે દાન ચોરાઈ જતાં ભક્તોની આંખોમાં આસુ અને હૃદયમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

## આસ્થા સાથે ચેડાં કરનારા ચોરો અને સિક્યુરિટી સામે સણસણતા સવાલો

દેશના ખૂણે-ખૂણેથી પોતાના આરાધ્ય દેવના દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓ પોતાની શ્રદ્ધા મુજબ દાનપાત્રમાં અર્પણ કરે છે. પરંતુ જ્યારે આ પવિત્ર સ્થળે જ દાન ચોરીની ઘટનાઓ બને, ત્યારે સવાલ માત્ર પૈસાનો નથી રહેતો–પ્રશ્ન કરોડો ભક્તોની અખંડ આસ્થાનો બની જાય છે. રામમંદિર પરિસરમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા વ્યવસ્થાના દાવાઓ વચ્ચે દાન ચોરી કેવી રીતે થઈ શકે? શું સુરક્ષા તંત્રની ઘોર બેદરકારી છે કે પછી અંદરના જ કોઈ તત્વોની મિલીભગત?ભક્તોની લાગણી દુભાઈ: 'દાન ચોરીના લીધે ભક્તોની આંખો ભીની' અયોધ્યા પહોંચી રહેલા ભાવિક ભક્તોનું કહેવું છે કે, "અમે અહીં કોઈ સેર-સપાટા માટે નથી આવતા, ભગવાન રામના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પિત કરવા આવીએ છીએ. પરંતુ જ્યારે જાણવા મળે કે ભગવાનના નામ પર ધરાવવામાં આવતું દાન જ સુરક્ષિત નથી, ત્યારે મન ભારે થઈ જાય છે." આ આઘાતને કારણે જ આજે અયોધ્યામાં યાત્રાળુઓનો ઓઘ ઓછો થઈ ગયો છે.

## સરકાર અને મંદિર ટ્રસ્ટ સામે જનતાના સીધા અને ઘાતક સવાલો

સુરક્ષાનો ફ્લોપ શો: કડક સુરક્ષા ધરાવતા અયોધ્યા મંદિર પરિસરમાં દાન ચોરીની ઘટના બની કઈ રીતે? જવાબદેહી કોની?: ભક્તોની પવિત્ર આસ્થા સાથે ચાલતા આ ખીલવાડ માટે કયા જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યા? વિશ્વાસ પુનઃસ્થાપિત ક્યારે થશે?: શું સરકાર અને ટ્રસ્ટ માત્ર દાવાઓ જ કરશે કે પછી ચોરો સામે આકરી કાર્યવાહી કરીને ભક્તોનો વિશ્વાસ પાછો લાવશે? દાન ચોરીના આ કૌભાંડે માત્ર અયોધ્યાને જ નહીં, પરંતુ સમગ્ર દેશના રામભક્તોના હૃદયને ઊંડો ઘા આપ્યો છે.

# 8મા કેન્દ્રીય પગાર પંચ સમક્ષ ભારત પેન્શનર્સ સમાજની 15 મોટી માંગણીઓ! દર મહિને મિલશે આટલું લઘુત્તમ પેન્શન!

નવી દિલ્હી/ગાંધીનગર (ખાસ પ્રતિનિધિ)

દેશના લાખો નિવૃત્ત સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ૮મા કેન્દ્રીય પગાર પંચ (8th Pay Commission) સમક્ષ દેશના લગભગ ૧૦ લાખ પેન્શનરોનું પ્રતિનિધિત્વ કરતા 'ભારત પેન્શનર્સ સમાજ' (BPS) દ્વારા ૧૫ મહત્વપૂર્ણ અને વ્યાપક માંગણીઓ રજૂ કરવામાં આવી છે. વર્તમાન મોંઘવારી અને જીવનનિર્વાહના ખર્ચને ધ્યાનમાં રાખીને પેન્શનરોના હિતમાં લઘુત્તમ પેન્શન અને અન્ય ભથ્થાઓમાં મોટો વધારો કરવાની સખત રજૂઆત કરવામાં આવી છે.

## ભારત પેન્શનર્સ સમાજની મુખ્ય અને ઘાતક માંગણીઓ:

રૂ. ૪૫,૦૦૦ લઘુત્તમ પેન્શન: હાલના રૂ. ૯,૦૦૦ ના લઘુત્તમ પેન્શનને વધારીને સીધું રૂ. ૪૫,૦૦૦ પ્રતિ માસ કરવાની માંગ કરાઈ છે (આશરે ૫ ગણો વધારો).

છેલ્લા મૂળ પગારના ૬૭% પેન્શન: પેન્શનરને મળતું લઘુત્તમ પેન્શન તેના નિવૃત્તિ સમયના છેલ્લા મૂળ પગારના ૫૦% ને બદલે ૬૭% હોવું જોઈએ અને ફેમિલી




પેન્શન ૫૦% હોવું જોઈએ.

ફિટમેન્ટ ફેક્ટર ૩.૮૩ અને રૂ. ૬૯,૦૦૦ મૂળ પગાર: કર્મચારીઓ માટે ૩.૮૩ નવો ફિટમેન્ટ ફેક્ટર લાગુ કરવાની માંગણી કરાઈ છે, જેથી લઘુત્તમ મૂળ પગાર રૂ. ૧૮,૦૦૦ થી વધીને રૂ. ૬૯,૦૦૦ થઈ શકે.

દર ૫ વર્ષે પગાર-પેન્શન સુધારણા: દર ૧૦ વર્ષના બદલે દર ૫ વર્ષે પગાર અને પેન્શનની સમીક્ષા કરવામાં આવે.

ત્રિમાસિક આધાર પર DA/DR વધારો: મોંઘવારી ભથ્થું (DA/DR) દર ૬ મહિને આપવાને બદલે દર ૩ મહિને (દર ત્રિમાસિક) આપવાની જોગવાઈ કરવી.

## આરોગ્ય અને કમ્યુટેડ પેન્શન અંગેની રાહતો

૧૧ વર્ષમાં જ કમ્યુટેડ પેન્શનનું રિસ્ટોરેશન: હાલમાં કમ્યુટ કરાવેલું પેન્શન ૧૫ વર્ષે પુનઃસ્થાપિત થાય છે, તેને ઘટાડીને ૧૧ વર્ષ અથવા ૭૧ વર્ષની ઉંમરે પૂર્ણ પેન્શન આપવાની રજૂઆત કરાઈ છે.

રૂ. ૫,૦૦ કેશલેસ હેલ્થ સપોર્ટ: ગ્રામીણ અને Non-CGHS વિસ્તારોમાં રહેતા પેન્શનરો માટે કેશલેસ મેડિકલ સુવિધા અને રૂ. ૫,૦૦૦ નું ફિક્સ્ડ મેડિકલ એલાઉન્સ (FMA) આપવાની માંગણી છે.

૬૫ વર્ષથી વધારાનું પેન્શન: ઉંમર આધારિત એડિશનલ પેન્શનની શરૂઆત ૮૦ વર્ષને બદલે ૬૫ વર્ષની ઉંમરથી જ સ્લેબ વાઈઝ આપવાની જોગવાઈ કરવા સુચવવામાં આવ્યું છે.

## પ્રજા અને પેન્શનરોની આશા

આટલા વર્ષો સુધી દેશની સેવા કરનારા નિવૃત્ત કર્મચારીઓ માટે આ માંગણીઓ અત્યંત વ્યાજબી ગણાવાઈ રહી છે. જો કેન્દ્રીય કેબિનેટ અને ૮મું પગાર પંચ આ ભલામણોને મંજૂર કરશે, તો દેશના લાખો પેન્શનર પરિવારોને આર્થિક રીતે મોટી અને મજબૂત રાહત મળશે.


જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત — વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ — જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ — સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર — સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા — તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ — વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર — સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન — સુંદર અને પ્રોફેશનલ લુક

# સાબરકાંઠામાં મધ્યાહન ભોજનનો મોટો સપાટો: હસનપુરા શાળામાં ભોજનમાં ગરોળી પડવાની આશંકા વચ્ચે 36 માસૂમ બાળકોને ફૂડ પોઈઝનિંગ

## ઘટનાની જાણ થતાં જ પોતાના વહાલસોયા બાળકોની ચિંતામાં વાલીઓ અને સ્થાનિક અધિકારીઓના કાફલા હોસ્પિટલ દોડી આવ્યા હતા



ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની હસનપુરા પ્રાથમિક શાળામાંથી એક અત્યંત ચિંતાજનક અને કાળજું કંપાવી દેનારા સમાચાર સામે આવ્યા છે. શાળામાં આપવામાં આવતું મધ્યાહન ભોજન આરોગ્યા બાદ ૩૬ જેટલા માસૂમ બાળકોને અચાનક ગંભીર ફૂડ પોઈઝનિંગની અસર થતાં સમગ્ર ઈડર પંથકમાં ભારે અફરાતફરી અને સનાટો વ્યાપી ગયો છે. ભોજન કર્યાના થોડા જ સમયમાં બાળકોને ઊલટી, ઉબકા અને પેટમાં અસહ્ય દુખાવાની ફરિયાદ ઊભી થતાં તમામ અસરગ્રસ્ત બાળકોને ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ઈડર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટના જણાવ્યા અનુસાર, હસનપુરા શાળાના ૩૬ બાળકોને ફૂડ પોઈઝનિંગ થતાં તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તબીબી ટીમ દ્વારા સઘન સારવાર આપવામાં આવી રહી છે.

પ્રાથમિક વિગતો મુજબ, બાળકોને પીરસવામાં આવેલા મધ્યાહન ભોજનમાં ગરોળી પડી ગઈ હોવાની ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઝેરી ખોરાક પેટમાં જતાં જ માસુમ બાળકોની તબિયત એકપછી એક લથડવા લાગી હતી. ઘટનાની જાણ થતાં જ પોતાના વહાલસોયા બાળકોની ચિંતામાં વાલીઓ અને સ્થાનિક અધિકારીઓના કાફલા હોસ્પિટલ દોડી આવ્યા હતા.

સરકાર દ્વારા ગરીબ અને સામાન્ય વર્ગના બાળકો માટે ચલાવવામાં આવતી મધ્યાહન ભોજન યોજનામાં સફાઈ અને ગુણવત્તાના અભાવે વારંવાર આવી ઘટનાઓ સામે આવે છે.

બેદરકાર તંત્ર સામે સવાલો: રસોડામાં ખોરાક બનાવતી વખતે અને પીરસતી વખતે યોગ્ય સ્વચ્છતા કેમ રાખવામાં નથી આવતી?

સુપરવિઝન ક્યાં?: બાળકોને ભોજન આપતા પહેલાં તેની ગુણવત્તા તપાસવાની જવાબદારી જે શિક્ષકો કે સંચાલકોની છે, તેઓ શું ઊંઘી રહ્યા હતા?

વાલીઓનો ઉગ્ર આક્રોશ: જવાબદારો સામે કડક પગલાં ભરો!

પોતાના બાળકો હોસ્પિટલના બેડ પર સારવાર હેઠળ હોવાનું જોઈને વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વાલીઓની સ્પષ્ટ માંગણી છે કે:

૧. સંચાલકો સામે એફઆઈઆર (FIR): મધ્યાહન ભોજન બનાવનાર અને પીરસનાર જવાબદાર એજન્સી તથા કોન્ટ્રેક્ટર સામે તાત્કાલિક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

૨. સેમ્પલિંગ અને તપાસ: શાળામાં બનેલા ભોજનના સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં આવે.

૩. કડક સજા: માસુમ બાળકોના સ્વાસ્થ્ય અને જીવ સાથે રમત રમનારા કાનૂની પાંજરે ધકેલાય.

ઈડર સિવિલ હોસ્પિટલમાં હાલ તબીબો દ્વારા બાળકોની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. પરંતુ આ ઘટનાએ સમગ્ર રાજ્યના શિક્ષણ અને આરોગ્ય તંત્ર સામે લાલબત્તી ધરી દીધી છે.

---

### છોટાઉદેપુર કલેક્ટરને નડ્યો અકસ્માત

## છોટાઉદેપુર જિ. કલેક્ટર ગાર્ગી જૈનની કારને નડ્યો અકસ્માત




છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર દેવળીયા અને પાવીજેતપુર વચ્ચે નેશનલ હાઈવે નંબર 56 ઉપર બંને કાર બોલેરો અને ઈનોવા કાર વચ્ચે અકસ્માત થયો છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન છોટાઉદેપુર થી બોડેલી તરફ જતા હોય વખતે નડ્યો અકસ્માત નડતા ના ભાગ મચી હતી અને કલેક્ટરને સુરક્ષિત ખસેડવામાં આવ્યા હતા

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની કાર અને બોલેરો કાર વચ્ચે અકસ્માત સર્જાયો છે. છોટાઉદેપુર ના દેવલીયા અને પાવીજેતપુર વચ્ચે કલેક્ટર ની કાર છોટા ઉદેપુર થી બોડેલી તરફ જઈ રહી હોય તે સમયે એક અકસ્માત સર્જાયો જેમાં બંને કાર વચ્ચે અકસ્માત થતા ભારે દોડધામ મચી ગઈ હતી જ્યારે જ્યારે ઈનોવા અને બોલેરો કારના અકસ્માતમાં બોલેરો કાર રસ્તાથી નીચે ઉતરી ગઈ હતી જે બંને કારને પણ નુકસાન પહોંચ્યું છે

બોડેલી ખાતે શસ્કત દીકરી પહેલ અંતર્ગત નવજીવન હાઈસ્કૂલ અલીપુરા બોડેલી ખાતે શાળાની મુલાકાત લેવાની હોય જે કાર્યક્રમમાં પહોંચવાનું હોય જે અંગે કલેક્ટર છોટા ઉદેપુર થી બોડેલી જતા હતા તે વખતે દેવલીયા અને પાવીજેતપુર વચ્ચે કલેક્ટર અને એક બોલેરો કાર સામ સામે ભટકાતા અકસ્માત સર્જાયો હતો સદનસીબે કોઈ જાનહાની કે વધુ ઈજાઓ થઈ નથી પરંતુ આ અકસ્માત સર્જાતા સૌના જીવ અધ્ધર થઈ ગયા હતા.

---

### માણાવદરની શૈશવ સ્કૂલ દ્વારા

## 'વિશ્વ સિંહ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી: વિદ્યાર્થીઓએ રૅલી કાઢી આપ્યો 'જંગલ બચાવો, સિંહ બચાવો'નો સંદેશ

માણાવદર, જીજ્ઞેશ પટેલ

દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે, જે અંતર્ગત આજરોજ માણાવદરની શૈશવ સ્કૂલમાં વિશ્વ સિંહ દિવસની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળાના શિક્ષિકા રાવલ ભાવીકાબેન અને શાળા પરિવારના માર્ગદર્શન હેઠળ આ ખાસ દિવસ નિમિત્તે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



ઉજવણીના ભાગરૂપે શાળાના ધોરણ ૧ થી ૮ તેમજ માધ્યમિક વિભાગના સંકલિત વિદ્યાર્થીઓએ એક થઈને શાળા પરિસરથી લઈને મહાદેવ મંદિર સુધીના જાહેર માર્ગો પર ભવ્ય 'સિંહ રૅલી'નું આયોજન કર્યું હતું. આ રૅલી દરમિયાન વિદ્યાર્થીઓએ હાથમાં બેનરો સાથે સિંહના સંરક્ષણ અને મહત્વને દર્શાવતા વિવિધ ઉત્સાહવર્ધક સૂત્રોચ્ચાર કર્યા હતા અને માર્ગ પરથી પસાર થતા લોકોને સિંહ બચાવવા પ્રત્યે જાગ્રત કર્યા હતા.

આજના સમયમાં સિંહોનું સંરક્ષણ અત્યંત જરૂરી બન્યું છે. એક સમયે નાબૂદ થવાના આરે પહોંચેલા આ વનરાજને બચાવવા માટે સતત પ્રયાસો જરૂરી છે. આ પ્રસંગે શાળા સંસ્થા અને શિક્ષિકા ભાવિકાબેને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, 'આપણા જંગલને બચાવશું, તો જ આપણા સિંહને બચાવી શકાશે.' આ દિવસ માત્ર એક દિવસીય ઉજવણી પૂરતો સીમિત ન રહેતા, આપણું ગુજરાત કાયમ સિંહની ડાણકથી ગૂંજતું રહે તે માટે આપણે સૌએ સાથે મળીને જંગલ અને વન્યજીવોના જતન માટે પ્રયત્નો કરવા જોઈએ.

---

## નવા કલાદરા ગામ પાસે અંડરપાસનહિ બનતાં લોકોનું વિરોધ પ્રદર્શન:એક્સેસ કંટ્રોલ હાઇવે નજીકનું ગામ બે ભાગમાં વહેંચાવાની ભીતિ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ અને દહેજ વચ્ચે નિર્માણ પામી રહેલા એક્સેસ-કંટ્રોલ એક્સપ્રેસ હાઈવેમાં નવા કલાદરા ગામ પાસે અંડરપાસ બનાવવામાં ન આવતાં ગ્રામજનો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ભરૂચ-દહેજ વચ્ચે બની રહેલા કરોડો રૂપિયાના મહત્વાકાંક્ષી ફોરલેન રોડ પ્રોજેક્ટમાં હવે સ્થાનિકોનો વિરોધ આક્રમક બન્યો છે. નવા કલાદરા ગામના અંડરપાસની લાંબા સમયની માંગણી સંતોષવામાં ન આવતાં આજે મોટી સંખ્યામાં ગ્રામજનો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તંત્ર સામે ભારે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિક ધારાસભ્ય, કલેક્ટર અને ગાંધીનગરની ઉચ્ચ કક્ષાએ વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં આ પ્રશ્નનું કોઈ જ નિરાકરણ ન આવતાં આખરે ગ્રામજનોનો મોહભંગ થયો છે. તેઓ આરપારની લડાઈના મૂડમાં જોવા મળી રહ્યા છે.

ફોરલેન હાઈવે બનવાના કારણે ગામ બે ભાગમાં વહેંચાઈ જશે. અંડરપાસ ન હોવાને કારણે ગામના લોકોને હાઈવે ક્રોસ કરવા માટે અઢીથી ત્રણ કિલોમીટર સુધીનો વધારાનો લાંબો ફેરો કરવો પડશે.

આ રોડ પર ચોવીસ કલાક ભારે વાહનોની અવરજવર રહેતી હોવાથી શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓ, ખેતરે જતી મહિલાઓ અને દહેજની કંપનીમાં નોકરી કરતા યુવાનોની સુરક્ષા સામે પ્રશ્ન ઊભો થયો છે.

---


### તંત્રની કામગીરી સામે રોષ

## ગડખોલ ગ્રામ પંચાયતની હદમાં નિયમિત સફાઈના અભાવે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે પરેશાન...!

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરમાં રાજપીપળા ચોકડીથી સિલ્વર સિટી તરફ ગડખોલ ગ્રામ પંચાયતની હદમાં જતા મુખ્ય માર્ગ પર ગંદકીના સામ્રાજ્યથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે.

આદર્શ સ્કૂલની બરાબર સામે જ કચરાના ઢગલાઓ જોવા મળતાં પંચાયતની કહેવાતી સ્વચ્છતા વ્યવસ્થાની પોલ ખુલી ગઈ છે. એક તરફ જ્ઞાનનું મંદિર એવી શાળા અને બીજી તરફ બેંક આવેલી હોવાથી આ સ્થળે દરરોજ વિદ્યાર્થીઓ, વાલીઓ, બેંકના ગ્રાહકો તથા રાહદારીઓની મોટી



અવરજવર રહે છે.

આમ છતાં, જાહેર માર્ગને અડીને જ કચરાના ડુંગરો ખડકાયેલા રહેતા અસ્વચ્છ અને દુર્ગંધયુક્ત વાતાવરણ સર્જાયું છે. શાળાની સામે જ લાંબા સમય સુધી કચરો સડતો રહેતો હોવાથી મચ્છર અને માખીનો ઉપદ્રવ વધ્યો છે, જેના કારણે નિર્દોષ વિદ્યાર્થીઓ રોગચાળાનો ભોગ બને તેવી પૂરેપૂરી શક્યતા છે.

સ્થાનિકોમાં ગ્રામ પંચાયતની નિષ્ક્રિયતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સવાલ ઉઠી રહ્યો છે કે જાહેર માર્ગ અને શાળા જેવી સંવેદનશીલ જગ્યાઓ પર જો કચરાના ઢગલા રહેતા હોય તો પંચાયતની સફાઈ કામગીરી જાય છે ક્યાં? ગંદકી ફેલાવનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં અને નિયમિત સફાઈ વ્યવસ્થા ઊભી કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

હવે સંબંધિત જવાબદાર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગીને માત્ર દેખાવ ખાતર સફાઈ કરાવવાને બદલે ગંદકીનું મૂળ કારણ શોધી કાયમી ઉકેલ લાવે અને કચરાપેટીની યોગ્ય વ્યવસ્થા કરે તેવી ઉગ્ર લોકમાગ ઉઠી છે.

---

## ઝાલોદમાં ACBની સફળ ટ્રેપ : આવાસ યોજનાના હપ્તા બદલ 10 હજારની લાંચ લેતા બે ઝડપાયા

ઝાલોદ

પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત મળતા હપ્તાની રકમ ચૂકવવાના બદલામાં રૂ.10,000ની લાંચ લેતા ઝાલોદ નગરપાલિકાના કરાર આધારિત એન્જિનિયર સહિત બે વ્યક્તિને મહીસાગર ACBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યા હતા.



મળતી માહિતી મુજબ, ફરિયાદીને પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના હેઠળ આવાસ મંજૂર થયું હતું. આવાસનો પ્રથમ હપ્તો રૂ.70,000 બેંક ખાતામાં જમા થયા બાદ રૂ.5,000ની લાંચની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા હપ્તા રૂ.80,000 માટે રૂ.10,000 તથા ત્રીજા હપ્તા રૂ.1.50 લાખના હપ્તા માટે પણ રૂ.10,000ની લાંચની માંગણી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે.

લાંચની રકમ આપવા ઈચ્છા ન હોવાથી ફરિયાદીએ મહીસાગર ACBનો સંપર્ક કરતાં ફરિયાદના આધારે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. તા.10 ઓગસ્ટ, 2026ના રોજ ઝાલોદની મુવાડા ચોકડી ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલા પાન-મસાલાના ગલ્લા ઉપર ટ્રેપ દરમિયાન રૂ.10,000ની લાંચ સ્વીકારતા બંને આરોપીઓ ઝડપાઈ ગયા હતા.

---

### શંકાસ્પદ પાવડરનો જથ્થો ઝડપાયો

## બોટાદ શહેરના ઢાકણિયા રોડ ઉપર આવેલ દૂધ ડેરીમાં LCBના દરોડાથી ખળભળાટ

### દૂધમાં ભેળસેળની બાતમીના આધારે દરોડો પાડતા તપાસનો ધમધમાટ : ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ પણ દોડી આવી,દૂધના નમૂના લઈ તપાસ માટે મોકલાયા

બોટાદ, વિપુલ લુહાર

ભાવનગર રેન્જ આઈ.જી.રાજેન્દ્ર અસારી તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા બોટાદ જિલ્લામાં શંકાસ્પદ અને પેશીયલ યુક્ત દૂધનું વેચાણ કરનારા ઈસમો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવા સુચના આપવામાં આવેલ હોય જેને લઈ બોટાદ LCB ના PI જી.એમ.પાવરા,PSI એસ.બી. સોલંકી,એચ.એ.વસાવા તેમજ રામદેવસિંહ મોરી,જયરાજભાઈ ખાચર,પ્રધ્યુમનસિંહ વાળા,જ્યેશભાઈ ધાંધલ, ભાવેશભાઈ શાહ પોલીસ સ્ટાફે બોટાદ શહેરના ઢાકણિયા રોડ પર આવેલી મહાશક્તિ ડેરી સેન્ટર ખાતે દૂધ ડેરીમાં LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) પોલીસે દરોડો પાડ્યો હતો. દૂધમાં ભેળસેળ થતી હોવાની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં શંકાસ્પદ પાવડરનો જથ્થો અને શંકાસ્પદ દૂધ મળી આવ્યું હતું.પોલીસને મળેલી ગુપ્ત માહિતી મુજબ, ડેરીમાં દૂધમાં ભેળસેળ કરવામાં આવતી હતી. LCBની ટીમે તપાસ કરતાં સ્થળ પરથી



શંકાસ્પદ પાવડરનો મોટો જથ્થો અને ભેળસેળયુક્ત હોવાની આશંકા ધરાવતું દૂધ મળી આવ્યું હતું. આ દરોડાને કારણે દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.શંકાસ્પદ સામગ્રી મળી આવતા, LCB પોલીસે તાત્કાલિક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી. જાણ થતાં જ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ બોટાદ પહોંચી હતી અને ડેરીમાંથી દૂધના નમૂના લીધા હતા. આ નમૂનાઓને વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. પોલીસે મળી આવેલા શંકાસ્પદ પાવડરના જથ્થાને સીઝ કરી વધુ તપાસ હાથ ધરી છે. દૂધના નમૂનાઓનો લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ દૂધમાં ખરેખર ભેળસેળ કરવામાં આવી હતી કે નહીં અને તે માનવ વપરાશ માટે યોગ્ય હતું કે નહીં તે સ્પષ્ટ થશે.જો તપાસમાં દૂધમાં ભેળસેળ સાબિત થશે, તો ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા કરવાના ગંભીર મામલે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

---

## ભરૂચમાં 4 વર્ષ પહેલાં ચોરાયેલી એક્ટિવા મળી : ભરૂચ A ડિવિઝન પોલીસે 3 આરોપી પકડ્યા

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેર A ડિવિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન વર્ષ 2021માં ચોરાયેલી એક્ટિવા મોપેડ સાથે 3 આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પોલીસે ચોરીની એક્ટિવા અને 3 મોબાઈલ ફોન સહિત કુલ 1.15 લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષય રાજની સૂચનાથી PI આર.એમ. વસાવાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન ધોળીકૂઈ બજાર તરફ જતા માર્ગ પર નંબર પ્લેટ વગરની એક્ટિવા સાથે અબ્દુલકાદીર મુલ્લા નામના શખ્સને અટકાવી પૂછપરછ કરતાં ચોરીની કબૂલાત થઈ હતી.

ઝીણવટભરી તપાસમાં સામે આવ્યું કે આ મોપેડ તેના પિતરાઈ ભાઈ તમીમ અહેમદ કોન્ટ્રાક્ટરે સિતપોણ ગામના રફીક ફોદીવાલા પાસેથી ખરીદી હતી. પોલીસે તમીમ અને રફીકને પણ બોલાવી સઘન પૂછપરછ હાથ ધરીને ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં ખૂલ્યું કે આ એક્ટિવા વર્ષ 2021માં ભરૂચની શ્રવણ ચોકડી પાસેથી ચોરાઈ હતી, જે અંગે ભરૂચ શહેર A ડિવિઝન પોલીસ મથકે સત્તાવાર ગુનો નોંધાયેલો હતો. પોલીસે 45,000ની કિંમતનું મોપેડ અને મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.


---

### નીલકંઠ એનવાયરો સહિતની કંપનીઓનો ખુલ્લેઆમ ત્રાસ!

## ઝેરી ગેસના વાદળો અને કેમિકલના ખાડા: સાયખા GIDC બન્યું 'ડેથ ઝોન'

વાગરા

વાગરા તાલુકાનું સાયખા કેમિકલ ઝોન હવે ઉદ્યોગોનો વિકાસ નહીં પણ વિનાશનું સરનામું બની ચૂક્યું છે. અહીં પ્રદૂષણ ફેલાવવું એ કોઈ અકસ્માત નહીં પરંતુ કંપનીઓનો રોજિંદો નિયમ બની ગયો છે. તાજેતરમાં નીલકંઠ એનવાયરો કંપનીમાંથી ચીમની વાટે આકાશમાં ઉડતા ભયાનક પીળા ઝેરી ધુમાડાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિકોનો આક્રોશ છે કે આ તો માત્ર એક કંપનીનો પર્દાફાશ થયો છે, બાકી આખી સાયખા GIDCમાં રોજ રાત્રે અને દિવસે કાળા, પીળા અને ઝેરી સફેદ ધુમાડાના ગોટેગોટા ખુલ્લા આકાશમાં છોડી દેવામાં આવે છે. સ્થાનિક ખેડૂતો અને કામદારોના જણાવ્યા મુજબ, કંપની માલિકો અને મેનેજમેન્ટની ચાલાકી હવે છતી થઈ ગઈ છે. દિવસે






અધિકારીઓની તપાસથી બચવા માટે ETP (એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ચાલુ હોવાનો ડોળ કરવામાં આવે છે, પરંતુ સાંજ પડે કે રવિવાર જેવી સરકારી રજાઓ આવે એટલે ઝેરી ધુમાડો અને દૂષિત કેમિકલયુક્ત પાણી સીધું જ વાતાવરણમાં છોડી દેવાય છે. આ ઝેરી અને રાસાયણિક હવાના કારણે સાયખા, વાગરા, કોલવણા અને દહેજ બાયપાસ વિસ્તારના હજારો ગ્રામજનોનું જીવવું હરામ થઈ ગયું છે. નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના લોકોમાં આંખોમાં અસહ્ય બળતરા, શ્વાસ લેવામાં તકલીફ, દમ અને ચામડીના ગંભીર રોગોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે. માત્ર હવા જ નહીં, પણ સાયખાની ધરતી માતાને પણ ઝેર પાઈ દેવામાં આવ્યું છે. કંપનીઓની હદ પૂરી થાય ત્યાં જ બહારના ભાગે ઘેરા રંગીન અને દુર્ગંધ મારતા કેમિકલયુક્ત પાણીના ખાડા ભરેલા જોવા મળે છે. આ કેમિકલ જમીનમાં ઉતરીને આસપાસના સીમ વિસ્તારની ઉપજાવ ખેતીની જમીનને કાયમ માટે બંજર અને નકામી બનાવી રહ્યું છે.



### હોલીવુડમાં તે ફરી પોતાની એક્ટિંગનો અંદાજ બતાવવા માટે તૈયારીઓ કરી રહી છે

# 1400 કરોડની 'વારાણસી' જ નહીં, પણ હોલીવુડના કરોડોના 4 પ્રોજેક્ટ પણ પ્રિયંકા ચોપરાને મળ્યા

મુંબઇ

બોલીવુડની સફળ અભિનેત્રી પ્રિયંકા ચોપરા ફિલ્મ 'વારાણસી'ના પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. એક લાંબા સમયના બ્રેક બાદ તે એક બિગ બજેટ ફિલ્મથી ઈન્ડસ્ટ્રીમાં કમબેક કરી રહી છે. પણ 'વારાણસી' ફિલ્મ સિવાય પણ ઘણા એવા ફિલ્મના પ્રોજેક્ટ છે જેના પર તે ખૂબ સારી રીતે કામ કરી શકે છે. બોલીવુડમાં કામ કર્યા બાદ હવે હોલીવુડની ફિલ્મમાં તે ફરી પોતાની એક્ટિંગનો અંદાજ બતાવવા માટે તૈયારીઓ કરી રહી છે. બોલીવુડની આ ફિલ્મનું કામ કરીને તે હોલીવુડના એક પ્રોજેક્ટ સાથે જોડાય એવા રિપોર્ટ મળ્યા છે. જો બધુ વ્યવસ્થિત રહ્યું અને એક્ટ્રેસના શેડ્યુલ પ્રમાણે થયું તો હોલિવૂડ સ્ટાર રસલ ક્રો સાથે તે સ્ક્રીન શૅર કરતી જોવા મળશે. આ સિવાય તે એન્જેલીના જોલી સાથે પણ સ્ક્રિન શૅર કરશે. આ બન્ને હોલીવુડની ફિલ્મ છે. આ સિવાય ફિલ્મનિર્માતા મીરા નાયરની ફિલ્મ અમરીમાં જોવા મળી શકે છે. આ ફિલ્મમાં તેની ભૂમિકા ખૂબ મોટી અને મહત્ત્વની માનવામાં આવે છે. મેડમ અજુરીનો રોલ તે પ્લે કરી રહી છે. આ ફિલ્મમાં જયદીપ અહલાવત અને અંજલી શ્રીવર્મન જોવા કલાકારો પણ જોવા મળશે. આ ફિલ્મને લઈને એક્ટ્રેસે ખાસ કોઈ વાત તો સ્પષ્ટ કરી નથી પણ બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં આ ફિલ્મ સાથે પ્રિયંકાનું નામ જોડાયું હોવાનું જાણવા મળ્યું છે. આ ફિલ્મ એકાદ વર્ષ પછી રિલીઝ થાય એવી પૂરી શક્યતાઓ છે. આ સિવાય 'જજમેન્ટ ડે' જેવી ફિલ્મમાં પણ તે જોવા મળી શકે છે. નિકોલસ સ્ટોલર નામના ફિલ્મમેકર આ ફિલ્મ તૈયાર કરી રહ્યા છે. વિલ ફેરેલ, જૈક એફ્રોન અને બિલી ઈનચર જેવા કલાકારો આ ફિલ્મમાં જોવા મળશે. આ સિવાય 'બ્લુફ્લાઈ' ફિલ્મમાં પણ તેની એન્ટ્રી થઈ ગઈ છે. આ ફિલ્મમાં તે રસેલ ક્રો સાથે જોવા મળી શકે છે. હોલીવુડના મોટા કલાકારોની વાત થાય છે ત્યારે ટોપ પાંચમાં રસેલ ક્રોનું નામ લેવામાં આવે છે. રસેલે 'ધ ગ્લેડિયેટર' અને 'અ બ્યૂટીફૂલ માઈન્ડ' જેવી ફિલ્મોમાં બેસ્ટ કામ કર્યું છે. એન્જેલીના જોલી સાથેના પ્રોજેક્ટ અંગે ખાસ કોઈ વિગત કે ફિલ્મનું નામ સામે આવ્યું નથી. પણ તેની સાથે કોઈ ફિલ્મમાં તે સ્ક્રિન શૅર કરી શકે છે. આ માટે કોઈ પ્રોજેક્ટનું નામ સત્તાવાર રીતે તો સામે આવ્યું નથી પણ આ કોઈ વેબસિરીઝ હોવાનું કેટલાક પ્રોડ્યુસર્સનું માનવું છે.

**અભિનેત્રી પ્રિયંકા ચોપરા ફિલ્મ 'વારાણસી'ના પ્રોજેક્ટમાં વ્યસ્ત**

# માધુરીએ જુહૂમાં વધુ એક ફ્લેટ વેચ્યો

## વર્ષ 2012માં દંપતીએ આ ફ્લેટ રૂપિયા 1.94 કરોડમાં ખરીધો હતો



મુંબઇ

બોલિવુડની અભિનેત્રી માધુરી દીક્ષિત અને તેમના પતિ ડૉ. શ્રીરામ માધવ નેનેએ મુંબઈના પ્રાઇમ લોકેશન ગણાતા જુહૂ વિસ્તારમાં આવેલો પોતાનો એક આલીશાન એપાર્ટમેન્ટ રૂપિયા 4.40 કરોડમાં વેચી દીધો છે. વર્ષ 2012માં દંપતીએ આ ફ્લેટ રૂપિયા 1.94 કરોડમાં ખરીદ્યો હતો, જેની સરખામણીએ તેમને લગભગ 14 વર્ષના સમયગાળા બાદ 127 ટકાથી વધુનો નફો મળ્યો છે.

અત્યારે આ મુદ્દે ચર્ચા થઈ રહી છે. વિગતે વાત કરવામાં આવે તો, પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ ડીલ 3 જુલાઈ, 2026ના રોજ રજીસ્ટર થઈ હતી. નવા ખરીદદાર સચિન શેખર શેટ્ટીએ આ પ્રોપર્ટી માટે રૂપિયા 26.40 લાખની સ્ટેમ્પ ડ્યુટી અને રૂપિયા 30,000ની રજીસ્ટ્રેશન ફી ચૂકવી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

જુહૂના પ્રાઇમ લોકેશનમાં આવેલો છે એપાર્ટમેન્ટઆ ફ્લેટ જુહૂ વિલે પાર્લે ડેવલપમેન્ટ (JVPD) સ્કીમના મિલિટરી રોડ પર આવેલી 'ધ દીપ વર્ષા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ'ના 'આઈરિસ પાર્ક' બિલ્ડિંગના નીચલા માળે આવેલો છે. દસ્તાવેજો પ્રમાણે આ ફ્લેટનો કાર્પેટ એરિયા 774 ચોરસ ફૂટ છે. નોંધનીય છે કે, આ એપાર્ટમેન્ટ સાથે જોડાયેલી સ્ટિલ્ટ પાર્કિંગની જગ્યાને માધુરી દીક્ષિતે 15 ડિસેમ્બર, 2025ના રોજ એક અન્ય ખરીદદારને અલગથી વેચી દીધી હતી. છેલ્લા 8 મહિના દરમિયાન માધુરી દીક્ષિતે મુંબઈમાં પ્રોપર્ટી વેચી હોય તેવો આ ત્રીજો કિસ્સો છે. આ પહેલા ડિસેમ્બર 2025માં દંપતીએ આ જ બિલ્ડિંગમાં આવેલો 780.13 ચોરસ ફૂટનો બીજો એક ફ્લેટ રુપિયા 3.90 કરોડમાં વેચ્યો હતો. જે તેમણે 13 વર્ષ અગાઉ રૂપિયા 1.95 કરોડમાં ખરીદ્યો હતો.

# Spider Manના તોફાન સામે તમિલ ફિલ્મે મચાવી તબાહી

## લોકેશ કનાગરાજની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ DC બોક્સ ઓફિસ પર ખૂબ જ શાનદાર પ્રદર્શન કરી રહી છે

મુંબઇ

લોકેશ કનાગરાજે DC દ્વારા એક્ટિંગમાં ડેબ્યૂ કર્યું છે. આ તમિલ એક્શન ડ્રામાને રિલીઝના પહેલા દિવસથી જ દર્શકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે. એટલું જ નહીં, સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડેની સામે પણ આ ફિલ્મે બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરી છે. અનિરુદ્ધના મ્યુઝિકે વધારી ફિલ્મની રોનક, વીકએન્ડમાં કમાણીમાં જોરદાર ઉછાળો. અરુણ મથેશ્વરનની આ થ્રિલર ફિલ્મમાં અનિરુદ્ધ રવિચંદરનું મ્યુઝિક તેની સૌથી મોટી ખાસિયતોમાંથી એક રહ્યું છે. સારી ઓપનિંગ બાદ પહેલા વીકએન્ડમાં ફિલ્મ જોવા માટે મોટી સંખ્યામાં દર્શકો સિનેમાઘરોમાં પહોંચ્યા હતા. તેની સાથે જ ફિલ્મની કમાણીમાં પણ જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. તમિલ ફિલ્મ 'DC'એ બોક્સ ઓફિસ પર 4.4 કરોડ રૂપિયાની કમાણી સાથે શરૂઆત કરી હતી. બીજા દિવસે ફિલ્મની કમાણીમાં લગભગ 60%નો વધારો થયો અને પહેલા શનિવારે ફિલ્મે 7 કરોડ રૂપિયા કમાવ્યા. ત્રીજા દિવસે એટલે કે રવિવારે લોકેશ કનાગરાજ સ્ટારર આ ફિલ્મે સેકનિલ્કના આંકડા પ્રમાણે કુલ 4,639 સ્ક્રીન્સ પર 9.55 કરોડ રૂપિયાની કમાણી કરી. રવિવારે ફિલ્મના શોની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો હતો. શુક્રવારે ફિલ્મ 3,504 સ્ક્રીન્સ પર દર્શાવવામાં આવી હતી. ત્રીજા દિવસે એટલે કે રવિવારે ફિલ્મે તમિલ વર્ઝનમાંથી 6.6 કરોડ રૂપિયા, તેલુગુ વર્ઝનમાંથી 2.3 કરોડ રૂપિયા અને હિન્દી વર્ઝનમાંથી 0.65 કરોડ રૂપિયાની કમાણી કરી. આ સાથે ભારતમાં ફિલ્મની 3 દિવસની કુલ નેટ કમાણી 20.95 કરોડ રૂપિયા થઈ ગઈ છે. વિદેશમાં ફિલ્મે ત્રીજા દિવસે 2.25 કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જેના કારણે તેની અત્યાર સુધીની કુલ વિદેશી કમાણી 7.75 કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ સાથે ફિલ્મની દુનિયાભરની કુલ કમાણી 32.47 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. 20.95 કરોડ રૂપિયાની નેટ કમાણી સાથે અરુણ મથેશ્વરનના દિગ્દર્શનમાં બનેલી 'DC'એ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.





# ફિલ્મ 'Toxic'ની ઈવેન્ટમાં તારા સુતારિયાનો રેટ્રો અવતાર

## ફેન્સે કમેન્ટ કરતાં લખ્યું હતું કે તમારી પ્રેઝન્સ કોઇ એન્જલના સરપ્રાઇઝ જેવી છે, જ્યારે અન્ય ફેને ફિલ્મ માટે ઓલ ધ બેસ્ટ પાઠવ્યા છે

મુંબઇ

સાઉથના સુપરસ્ટાર યશની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટોક્સિક'ના ટ્રેલરમાં બોલિવૂડ એક્ટ્રેસ તારા સુતારિયા (Tara Sutaria)ની જબરદસ્ત ઝલક જોવા મળી રહી છે. ટ્રેલરના એક સીનમાં તે ખૂબ જ બોલ્ડ અને ગ્લેમરસ અંદાજમાં નજરે પડે છે, તો બીજા સીનમાં તે ઈમોશનલી તૂટેલી જોવા મળી રહી છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મની વાર્તામાં તારાનો રોલ ખૂબ જ મહત્વપૂર્ણ અને પાવરફુલ છે. આ દરમિયાન 'ટોક્સિક'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં તારા સુતારિયાના ક્લાસી અને વિન્ટેજ લુકે સોશિયલ મીડિયા પર સનસનાટી મચાવી દીધી છે. તારા સુતારિયાએ આ ટ્રેલર ઈવેન્ટ માટે લેપર્ડ પ્રિન્ટનો ઓફ-શોલ્ડર એંકલ-લેન્થ ડ્રેસ પસંદ કર્યો હતો.

ફૂલ સ્લીવ્સ અને બેક સ્લિટ ધરાવતી આ બોડી-ફિટેડ ડ્રેસમાં એક્ટ્રેસે પોતાની પરફેક્ટ ફિગર ફ્લોન્ટ કર્યું હતું અને તેણે પોતાના લુકને એલિગન્ટ રાખવા સ્ટેટમેન્ટ નેકપીસ, સ્ટડ્સ અને ગોલ્ડન રિંગ્સ કેરી કરી હતી. વાળને 1940 અને 1950ના દાયકાની ક્લાસિક 'રેટ્રો હોલીવુડ વેવ્ઝ' સ્ટાઈલમાં સેટ કર્યા હતા, જે તેને અદ્ભુત વિન્ટેજ ગ્લેમ આપી રહ્યો હતો. તારા સુતારિયાએ શેર કરેલા ફોટોઝમાં તે હાથમાં હાફ-કર્વ ડિઝાઈનનો પંખો લઈને પોઝ આપતી દેખાય છે.

તે ગેશા એસ્થેટિક્સ અને રોયલ કોર્ટ ફોટોગ્રાફી સ્ટાઈલમાં પોઝ આપી રહી છે. આ પોઝ ચાઈનીઝ અને જાપાનીઝ પરંપરાગત ફેન ડાન્સ અને લોકનૃત્યથી પ્રેરિત છે. તારાએ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોઝ પણ શેર કરી છે, જેમાં તે ચેર પર બેસીને પોઝ આપી રહી છે. તેના આ અદ્ભુત લુક પર દિશા પાટની, સોનમ બાજવા અને ક્રિષ્ણા શ્રોફ જેવા જાણીતા સેલેબ્સે કમેન્ટ કરીને પ્રશંસા કરી છે. ફેન્સે કમેન્ટ કરતાં લખ્યું હતું કે તમારી પ્રેઝન્સ કોઈ એન્જલના સરપ્રાઈઝ જેવી છે, જ્યારે અન્ય ફેને ફિલ્મ માટે ઓલ ધ બેસ્ટ પાઠવ્યા છે.

# મનીષા રાની પહોંચી પેરિસ, ગ્લેમરસ લુક જોઈને ફેન્સ બોલ્યા- 'હંમેશા ફાયર લાગો છો!'

મુંબઇ

ગ્લેમરની વાત કરવામાં આવે ત્યારે માત્ર બોલિવૂડની જ એક્ટ્રેસનો ડંકો વાગે એવું બિલકુલ નથી. ભોજપુરી સિનેમા ઈન્ડસ્ટ્રીમાં મોટું નામ ધરાવતી મનીષા રાનીએ તાજેતરમાં વિદેશમાં જઈને ગ્લેમરસ કહી શકાય એવું ફોટોશુટ કરાવીને ફેન્સને ચોંકાવી દીધા છે. ગ્લેમર, બોલ્ડ અને ડેશિંગ પર્સનાલિટી તેના આ ફોટોશુટમાં જોવા મળી છે. ફ્રાંસના મહાનગર પેરિસમાં જઈને તેણે આ ફોટોશુટ કરાવ્યું છે.

ખાસ કરીને તેણે જે ટોપ પહેર્યું છે એમાં બીબી કી હિરોઈન એવું લખ્યું છે. જેના પર ફેન્સ કોમેન્ટ કરી રહ્યા છે. ઘણા ફેન્સ તો દિલ અને ફાયરવાળું ઈમોજી પોસ્ટ કરીને પોસ્ટની લાઈક વધારી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર મનીષા રાનીએ પોતાના લેટેસ્ટ ફોટોશૂટના ફોટો પોસ્ટ કર્યા છે. જેના પર ફેન્સ લાઈક્સ કરી રહ્યા છે. આ તસવીરમાં મનીષા પેરિસની ઐતિહાસિક ઈમારત પાસે ગ્રીન કલરની કાર પાસે પોઝ આપતી દેખાઈ રહી છે. કુડી કુંવારે તેરે પીછે પીછે...જાતા કહાં હૈ હીરો..એવા કેપ્શન સાથે આ ફોટો શૅર કર્યા છે. ગણતરીના કલાકોમાં જ આ પોસ્ટ પર 60 હજારથી વધારે લાઈક્સ આવી ચૂકી છે. એક હજારથી વધારે કોમેન્ટ આવી છે. એક ફેન્સે લખ્યું હતું કે, તું હંમેશા ફાયર લાગે છે. એક ફેન્સે મસ્તીભર્યા અંદાજમાં લખ્યું હતું કે, એક પોસ્ટ વ્યવસ્થિત રીતે દેખાતી નથી એટલી વારમાં તમે બીજી પોસ્ટ મૂકી દો છો.આવી પોસ્ટ પર ફેન્સે હાર્ટવાળા ઈમોજી પોસ્ટ કરીને કોમેન્ટ કરી છે. મનીષાએ ખૂબ જ ઓછા સમયમાં ભોજપુરી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું નામ બનાવી લીધું છે. બિહારના મુંગેરમાંથી આવેલી એક્ટ્રેસે બીગ બોસ ઓટીટી પર એન્ટ્રી લીધી હતી. એ સમયે તે એટલી ચર્ચામાં ન હતી. આ સિવાય જ્યારે ઝલક દિખલા જા સીઝન 11માં તે વિનર બની એ સમયે એની ખૂબ જોરશોરથી ચર્ચા થઈ હતી.



પાક્કો ગુજરાત

મંગળવાર | 11 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### એક-બે નહીં 13 સ્ટાર ખેલાડીઓ NCAમાં રિહેબ હેઠળ

# 'જો ખેલેગા, વહીં ખીલેગા': 39 ચેમ્પિયન્સની વચ્ચે PM મોદી, બનાવી રીલ

મુંબઇ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનાર ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરી. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખેલાડીઓ સાથે એક રીલ શેર કરી. 32 સેકન્ડની આ રીલમાં તેઓ ગોલ્ડ મેડલિસ્ટ બોક્સર સાક્ષી ચૌધરી અને અન્ય ખેલાડીઓ સાથે જોવા મળ્યા. આમાં વડાપ્રધાને કહ્યું- 'જો ખેલેગા, વહીં ખીલેગા.' ભારતે કોમનવેલ્થ ગેમ્સ 2026માં 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 39 મેડલ જીત્યા. ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું હતું. ભારતના 39 મેડલ્સમાં સૌથી મોટું યોગદાન બોક્સિંગનું રહ્યું. બોક્સર્સે 7 ગોલ્ડ અને 3



સિલ્વર સહિત કુલ 10 મેડલ જીત્યા. એટલે કે દર ચારમાંથી એક મેડલ બોક્સિંગમાંથી આવ્યો. એથ્લેટિક્સમાં 10 મેડલ આવ્યા, પરંતુ તેમાં ગોલ્ડ ન મળ્યો.

વેટલિફ્ટિંગમાંથી 8, પેરા એથલેટિક્સમાંથી 6, જૂડોમાંથી 4 અને પેરા પાવરલિફ્ટિંગમાંથી 1 મેડલ મળ્યો. કુલ મળીને 39 માંથી 37 પદક માત્ર પાંચ રમતોમાંથી આવ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે

કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનાર ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરી. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખેલાડીઓ સાથે એક રીલ શેર કરી. 32 સેકન્ડની આ રીલમાં તેઓ ગોલ્ડ મેડલિસ્ટ બોક્સર સાક્ષી ચૌધરી અને અન્ય ખેલાડીઓ સાથે જોવા મળ્યા. આમાં વડાપ્રધાને કહ્યું- 'જો ખેલેગા, વહીં ખીલેગા.' ભારતે કોમનવેલ્થ ગેમ્સ 2026માં 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 39 મેડલ જીત્યા. ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું હતું. ભારતના 39 મેડલ્સમાં સૌથી મોટું યોગદાન બોક્સિંગનું રહ્યું. બોક્સર્સે 7 ગોલ્ડ અને 3 સિલ્વર સહિત કુલ 10 મેડલ જીત્યા.

## દિલ્હી પ્રીમિયર લિગમાં બે સ્ટાર ક્રિકેટર વચ્ચે મેદાનમાં બબાલ

નવી દિલ્હી

ભારતને પોતાની કેપ્ટનશીપમાં અંડર-19 વર્લ્ડ કપ જીતાડનાર યશ ધુલ અને IPLમાં પંજાબ કિંગ્સ માટે વિસ્ફોટક બેટિંગ કરનાર પ્રિયાંશ આર્યા દિલ્હીના સ્ટાર ખેલાડીઓમાં ગણાય છે. આ બંને સ્ટાર ખેલાડીઓની ટીમો વચ્ચે મેદાન પર એવી બબાલ થઈ કે જેની ચર્ચા ચારે બાજુ થઈ રહી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં ભેગી થયેલી ભીડ જોઈને જ અંદાજ લગાવી શકાય છે કે મામલો કેટલો ગંભીર છે. વાત છે દિલ્હી પ્રીમિયર લીગ (DPL)ની વર્તમાન સીઝનની. યશ ધુલ સેન્ટ્રલ દિલ્હી કિંગ્સની કેપ્ટનશીપ કરી રહ્યો છે, તો બીજી તરફ પ્રિયાંશ આઉટર દિલ્હી વોરિયર્સ તરફથી રમી રહ્યો છે. આ બંને ટીમો વચ્ચે મેચ રમાઈ હતી અને મેચ પૂરી થયા બાદ મોટી બબાલ થઈ ગઈ. મેદાનમાં જ બબાલ સોશિયલ મીડિયા પર આ મેચ બાદનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, મેચ બાદ યશ ધુલ અને પ્રિયાંશ વચ્ચે ભયંકર બબાલ થઈ થઈ હતી. બંને ટીમના ખેલાડીઓ તેમને વચ્ચે પડીને અલગ કરતા દેખાઈ રહ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે યશની ટીમના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ એક ખેલાડીને સમજાવી રહ્યા છે, જે યશ હોવાનું કહેવાય છે.

### 6 બોલમાં 6 છગ્ગા ફટકારી ઇતિહાસ રચ્યો

## ઈંગ્લેન્ડના બેટરની વન-ડેમાં તોફાની બેટિંગ, 37 બોલમાં ફટકાર્યા 86 રન

લંડન

ઈંગ્લેન્ડના બેટ્સમેન ટોબી અલ્બર્ટે એક અદ્ભુત કારનામો કરી બતાવ્યો છે. ઈંગ્લેન્ડની ડોમેસ્ટિક ક્રિકેટની વનડે કપમાં સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકારીને તેણે સનસનાટી મચાવી દીધી છે અને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ઈંગ્લેન્ડમાં હાલ રમાઈ રહેલી ડોમેસ્ટિક વનડે કપના એક લિસ્ટ-એ મેચમાં હેમ્પશાયર તરફથી રમતા ટોબી આલ્બર્ટ નામના બેટ્સમેને 6 છગ્ગા જડીને તહલકો મચાવી દીધો. તેની આ તોફાની ઈનિંગ્સના જોરે હેમ્પશાયરની ટીમે 9 વિકેટ ગુમાવીને 383 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો અને બાદમાં આ મુકાબલો પણ સરળતાથી જીતી



લીધો હતો. આ મેચ હોવ ખાતે હેમ્પશાયર અને સસેક્સ વચ્ચે રમાઈ હતી. 2022માં કેન્ટ સામે હેમ્પશાયરે 396 રન બનાવ્યા હતા, જે તેનો સર્વોચ્ચ સ્કોર છે. આ રીતે 383 રનનો સ્કોર આ ટીમનો લિસ્ટ-એ ક્રિકેટમાં બીજો સૌથી મોટો સ્કોર બની ગયો છે. બીજી તરફ, સસેક્સની ટીમે ચાર્લી ટિયરની 111 રનની શાનદાર સદીની મદદથી લક્ષ્યનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ 51 રનથી મેચ હારી ગયા હતા. આ ટુર્નામેન્ટમાં સસેક્સની આ 7 મેચોમાં 6ઠ્ઠી હાર હતી, જ્યારે 4થી જીત સાથે હેમ્પશાયરની ટીમ નોકઆઉટની નજીક પહોંચી ગઈ છે. અહીં ખાસ વાત એ છે કે આ 6 છગ્ગા એક જ ઓવરમાં નહોતા વાગ્યા, પરંતુ બે અલગ-અલગ ઓવરમાં સતત 6 બોલનો સામનો કરતા ટોબી આલ્બર્ટે આ સિદ્ધિ મેળવી હતી.

# સરફરાઝ ખાન 2 વર્ષ પછી ભારતીય ટીમમાં સામેલ

### ઇજાગ્રસ્ત સાઇ સુદર્શનની જગ્યાએ તક મળી, ગૉલ ટેસ્ટ પહેલા ટીમ સાથે જોડાશે

મુંબઇ

બેટર સરફરાઝ ખાનને બે વર્ષ પછી ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે. તેને શ્રીલંકા પ્રવાસ પર ઈજાગ્રસ્ત સાઈ સુદર્શનની જગ્યાએ સામેલ કર્યો છે. BCCIએ રવિવારે સાંજે આ અંગે માહિતી આપી. ભારતીય ટીમ શ્રીલંકા સામે ગૉલમાં 15 ઑગસ્ટથી પ્રથમ ટેસ્ટ રમશે.

સરફરાઝે છેલ્લી ટેસ્ટ મેચ 2024માં વાનખેડે સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડ સામે રમી હતી. તે અત્યાર સુધી 6 ટેસ્ટ મેચ જ રમી શક્યો છે. બોર્ડ અનુસાર, સાઈ સુદર્શનના જમણા પગના અંગૂઠામાં સ્ટ્રેસ રિએક્શન થયું હતું. તે બેંગલુરુ સ્થિત BCCI સેન્ટર ઑફ એક્સેલન્સ (COE)



માં રિહેબિલિટેશન કરી રહ્યો છે. તેની રિકવરી સારી થઈ રહી છે. મેડિકલ ટીમ તેની રિકવરી પર સતત નજર રાખી રહી છે. ઈન્ડિયા-Aના પ્રવાસમાં ઈજાગ્રસ્ત થયો હતો સાઈ સુદર્શન સાઈ સુદર્શનને ગયા મહિને શ્રીલંકા-A સામે બીજી અન-ઑફિશિયલ ટેસ્ટ દરમિયાન પગના અંગૂઠામાં ઈજા થઈ હતી. તેણે તે જ પ્રવાસ પર સતત બે સદી ફટકારીને શાનદાર ફોર્મ બતાવ્યું હતું. શ્રીલંકા પ્રવાસ પહેલા જ ભારતીય ટીમ ઘણી ઈજાઓથી પરેશાન છે. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઘૂંટણની ઈજાને કારણે આખી ટેસ્ટ સિરીઝમાંથી બહાર થઈ ગયો છે. વોશિંગ્ટન સુંદર હેમસ્ટ્રિંગ ઈજાને કારણે પ્રથમ ટેસ્ટ નહીં રમે. હર્ષિત રાણા (હેમસ્ટ્રિંગ), નીતિશ કુમાર રેડ્ડી (ક્વાડ્રિસેપ્સ) અને આકાશ દીપ (પીઠની ઈજા) પણ ઉપલબ્ધ નથી. નેટ્સ દરમિયાન ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલના જમણા હાથની આંગળીમાં ઈજા થઈ હતી. તે સાવચેતીના ભાગરૂપે વોર્મ-અપ મેચના શરૂઆતના 2 દિવસ રમવા ઉતર્યો નહોતો. જોકે, ત્રીજા દિવસે તે યશસ્વી જયસ્વાલ સાથે ઓપનિંગ કરવા ઉતર્યો અને 44 રન બનાવ્યા. બેટર સરફરાઝ ખાનને બે વર્ષ પછી ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે.



### રોજિંદા વપરાશની વસ્તુઓના ભડકે બળતા ભાવ

# બિસ્કિટથી લઈને સાબુ-તેલ સુધી બધું મોંઘું થશે

નવી દિલ્હી

દેશમાં ટૂંક સમયમાં રોજિંદા વપરાશની વસ્તુઓ એટલે કે FMCG પ્રોડક્ટ્સના ભાવ વધી શકે છે. ભૌગોલિક રાજકીય તણાવને કારણે કાચા માલની કિંમત એટલે કે ઈનપુટ કોસ્ટ સતત વધી રહી છે. આને ધ્યાનમાં રાખીને, દેશની મુખ્ય FMCG કંપનીઓ ચાલુ એટલે કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેમના ઉત્પાદનોની કિંમતો વધારવાની તૈયારી કરી રહી છે. આ પહેલા, પાછલા એટલે કે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં કંપનીઓએ સરેરાશ 2થી 5% સુધી ભાવ વધાર્યા હતા. આ ક્વાર્ટરમાં એટલે કે જુલાઈ-સપ્ટેમ્બરમાં કંપનીઓ સીધા ભાવ વધારવા ઉપરાંત 'શ્રિંકફ્લેશન'નો સહારો લઈ રહી છે. એટલે કે, સામાનની કિંમત તે



જ રહેશે, પરંતુ પેકેટમાં તેની માત્રા એટલે કે વજન ઘટાડી દેવામાં આવશે. કંપનીઓનું કહેવું છે કે પામ ઓઈલ, ખાંડ અને ક્રૂડ ઓઈલના ભાવમાં થતી વધઘટથી માર્જિન પર દબાણ વધી રહ્યું છે. ભારતમાં હિન્દુસ્તાન યુનિલિવર (HUL), ITC, નેસ્લે, ડાબર, બ્રિટાનિયા જેવી મુખ્ય FMCG કંપનીઓ આ પ્રોડક્ટ્સમાં સક્રિય છે. FMCG એ રોજિંદા વપરાશની એવી વસ્તુઓ છે જે ઝડપથી વેચાય છે અને ખર્ચાઈ જાય છે. દેશની અગ્રણી બેકરી અને સ્નેક કંપની બ્રિટાનિયા ચાલુ ક્વાર્ટરમાં 'શ્રિન્કફ્લેશન' દ્વારા કિંમતોમાં 1.5થી 2% નો વધુ વધારો કરી શકે છે. આ ઘટાડો મુખ્યત્વે કંપનીના 5 અને 10 વાળા બિસ્કિટ પેકમાં જોવા મળશે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ રક્ષિત હરગવેએ જણાવ્યું કે ખાંડ અને પામ ઓઈલ જેવા કાચા માલની કિંમતો હજુ પણ ઊંચી છે. પ્રથમ ક્વાર્ટરમાં અમારી વૃદ્ધિ મોટાભાગે શ્રિંકફ્લેશન પર નિર્ભર હતી. ચાલુ ક્વાર્ટરમાં પણ આ ટ્રેન્ડ ચાલુ રાખવો પડશે. જોકે, બજારમાં માંગનું વાતાવરણ હજુ પણ ઘણું મજબૂત દેખાઈ રહ્યું છે.

### SBI ટોપ ગેનર, વેલ્યુ ₹63,922 કરોડ વધી


# ટોપ-10માં 4 કંપનીઓનું માર્કેટ-કેપ ₹1.43 લાખ કરોડ વધ્યું, LICને સૌથી વધુ નુકસાન

### રિલાયન્સની માર્કેટ વેલ્યુ ₹32,816.4 કરોડ વધીને ₹18,01,925.19 કરોડ થઈ. આ ઉપરાંત TCSના મૂલ્યમાં ₹31,875.35 કરોડનો ઉછાળો આવ્યો અને તેનું કુલ માર્કેટ કેપ ₹8.87 લાખ કરોડ પર પહોંચી ગયું

મુંબઇ

ગયા અઠવાડિયે દેશની ટોચની 10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 4ના માર્કેટ કેપિટલાઈઝેશનમાં કુલ લગભગ 1.43 લાખ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો. આ સમયગાળા દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સૌથી વધુ નફો કમાતી કંપની તરીકે ઉભરી આવી છે. અઠવાડિયા દરમિયાન માર્કેટ કેપ વધારનારી 4 કંપનીઓમાં SBI ઉપરાંત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, TCS અને લાર્સન એન્ડ ટુબ્રોનો સમાવેશ થાય છે. SBIના માર્કેટ કેપમાં 63,922.03 કરોડનો સૌથી મોટો વધારો થયો. આ સાથે જ બેંકનું કુલ માર્કેટ વેલ્યુએશન વધીને 10.12 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું. રિલાયન્સની વેલ્યુ 32,816 કરોડ વધી. જ્યારે રિલાયન્સની માર્કેટ વેલ્યુ 32,816.4 કરોડ વધીને 18,01,925.19 કરોડ થઈ. આ ઉપરાંત TCSના




મૂલ્યમાં 31,875.35 કરોડનો ઉછાળો આવ્યો અને તેનું કુલ માર્કેટ કેપ 8.87 લાખ કરોડ પર પહોંચી ગયું. જ્યારે L&Tનું માર્કેટ કેપ 14,637.76 કરોડ વધીને 5,56,482.45 કરોડ થયું છે. બીજી તરફ, ટોપ-10માં સામેલ અન્ય 6 મોટી કંપનીઓની વેલ્યુએશન કુલ મળીને 1.23 લાખ કરોડ ઘટી છે. આ 6 કંપનીઓ ભારતી એરટેલ, HDFC બેંક, ICICI બેંક, બજાજ ફાઈનાન્સ, LIC અને હિન્દુસ્તાન યુનિલિવર છે. માર્કેટ કેપિટલાઈઝેશન શું હોય છે? માર્કેટ કેપ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર, એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે, તેમનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણાકાર કરીને કરવામાં આવે છે. ધારો કે... કંપની 'A' ના 1 કરોડ શેર બજારમાં લોકોએ ખરીદ્યા છે.


જો એક શેરની કિંમત 20 રૂપિયા છે, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે. કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.

### સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો

# સોનાએ 152000 ની સપાટી કૂદાવી, ચાંદી 235000ની નજીક પહોંચી

મુંબઇ

ભારતીય બુલિયન માર્કેટ અને MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર આજે સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. વાયદા બજારમાં ખરીદીના જોરદાર ટેકાને કારણે સોનાના ભાવ 152000 ની સપાટી ક્રોસ કરી ચૂક્યા છે, જ્યારે ચાંદી પણ મજબૂત તેજી સાથે 235000 ની સપાટી તરફ ઝડપથી આગળ વધી રહી છે. માર્કેટ ઓપન થતાની સાથે જ બંને કિંમતી ધાતુઓમાં મોટી તેજી જોવા મળી છે. MCX પર ચાંદીના ભાવની વાત કરીએ તો, ચાંદીનો પાછલો બંધ ભાવ (Prev. Close) 231466.00 હતો. આજની ટ્રેડિંગ સેશનમાં ચાંદી 231799.00 ના ભાવે



ઓપન થઈ હતી. કારોબાર દરમિયાન ચાંદીમાં 2719 સુધીનો જંગી ઉછાળો નોંધાયો છે, જેના કારણે ભાવ 234185.00 ની દિવસની ઉચ્ચતમ સપાટી (High) સુધી પહોંચી ગયા હતા.

બીજી તરફ, સોનાના વાયદા બજારમાં પણ તેજીનો માહોલ જળવાઈ રહ્યો છે. સોનાનો અગાઉનો બંધ ભાવ 151820.00 હતો, જ્યારે આજે સોનું 151793.00 ની સપાટી પર ઓપન થયું હતું. ઓપનિંગ બાદ ખરીદદારોની આક્રમક લેવાલીના કારણે સોનું 479 વધીને 152299.00 ની ઓલ-ટાઈમ હાઈ સપાટી ક્રોસ કરી ગયું હતું. કિંમતી ધાતુઓમાં સતત વધી રહેલી આ તેજીને કારણે રોકાણકારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતીય બુલિયન માર્કેટ અને MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર આજે સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. વાયદા બજારમાં ખરીદીના જોરદાર ટેકાને કારણે સોનાના ભાવ 152000 ની સપાટી ક્રોસ કરી ચૂક્યા છે.

# સેન્સેક્સ 43 પોઈન્ટ વધીને 78,542 પર બંધ

- નિફ્ટીમાં 13 પોઈન્ટનો વધારો રહ્યો, રિયલ્ટી અને પ્રાઈવેટ બેંકોના શેર્સમાં વધુ ખરીદી

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 10 ઓગસ્ટે શેરબજારમાં નજીવો વધારો જોવા મળ્યો. સેન્સેક્સ 43 પોઈન્ટના વધારા સાથે 78,542 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 13 પોઈન્ટનો વધારો રહ્યો, તે 24,584 પર બંધ થયો. રિયલ્ટી અને પ્રાઈવેટ બેંકોના શેરોમાં વધુ ખરીદી જોવા મળી.



મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ અને ધૂત ટ્રાન્સમિશનના IPO આજથી ઓપન મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ અને ધૂત ટ્રાન્સમિશનના IPO આજથી ખુલી ગયા છે. મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ IPO દ્વારા 939.70 કરોડ અને ધૂત ટ્રાન્સમિશન 3,066.89 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ બંને IPOમાં 12 ઓગસ્ટ સુધી પૈસા રોકી શકાશે. આ પહેલાં ગયા શુક્રવારે એટલે કે 7 ઓગસ્ટે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 455 પોઈન્ટના ઘટાડા સાથે 78,499 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 65 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,570 ના સ્તરે આવી ગયો હતો.

### શહેરમાં 5,000 બસોની જરૂરિયાત સામે હાલ માત્ર 1,117 બસો જ

# અમદાવાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ ખોરવાયું : 3,900 બસોની ભારે અછત વચ્ચે જનતા હેરાન!



અમદાવાદ

વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સની યજમાનીના સપના જોતા અમદાવાદ શહેરની કડવી વાસ્તવિકતા એ છે કે આજે સાધારણ નાગરિક માટે જાહેર પરિવહન (Public Transport) રામભરોસે ચાલી રહ્યું છે. દાયકાઓથી ભાજપ શાસિત અમદાવાદ મહાનગરપાલિકા (AMC) અને રાજ્ય સરકાર સ્માર્ટ સિટીના દાવાઓ કરે છે, પરંતુ જમીની હકીકત એ છે કે શહેરના લાખો મુસાફરો રોજિંદા પરિવહન માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. કેન્દ્ર સરકારના પોતાના શહેરી પરિવહન નિયમો અને વસ્તીના પ્રમાણ મુજબ અમદાવાદ શહેર પાસે જરૂરી સિટી બસોના આંકડામાં ૨૫૦% જેટલી ભયાનક અછત સામે આવી છે.

કેન્દ્ર સરકારના શહેરી વિકાસ નિયમો મુજબ દર ૧૦ લાખની વસ્તીએ ઓછામાં ઓછી ૫૦૦ સિટી બસો હોવી જરૂરી છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારો મળીને અંદાજે ૧ કરોડની વસ્તીને આવરી લેવા માટે શહેરમાં ૫,૦૦૦ બસોની જરૂરિયાત સામે હાલ માત્ર ૧,૧૧૭ બસો જ દોડી રહી છે.

હાલ અમદાવાદ શહેરનું જાહેર પરિવહન ખાનગી કંપનીઓ અને મર્યાદિત સંસાધનો પર નિર્ભર છે:

AMTS (અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ): કુલ ૮૬૭ બસો, જેમાં AMC ની પોતાની માત્ર ૧૨૫ અને બાકીની ૭૪૨ બસો AJL મારફતે કોન્ટ્રાક્ટ પર ચલાવાય છે.

BRTS (બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ): કુલ ૨૫૦ બસો, જે તમામ ૪ ખાનગી એજન્સીઓ દ્વારા સંચાલિત છે.

મેટ્રો રાઈડરશિપ: મેટ્રોમાં દૈનિક ૧.૯ લાખ મુસાફરો મુસાફરી કરે છે અને ગાંધીનગર-અમદાવાદ મેટ્રો વિસ્તરણથી નેટવર્ક વધી રહ્યું છે. પરંતુ, મેટ્રો રેલમાં કરોડોનું રોકાણ કરવા છતાં, છેવાડાના વિસ્તારોને જોડતી (Last Mile Connectivity) ફીડર બસ સેવાઓ નબળી હોવાથી નાગરિકો માટે મેટ્રો સુધી પહોંચવું પણ મુશ્કેલ બની રહ્યું છે.

૧૭ મહાનગરપાલિકાઓ અને ૨૫૦ શહેરોમાં ૧૦,૦૦૦ બસોની ઘટ!

સમગ્ર ગુજરાતની વાત કરીએ તો આશરે ૩.૫૦ કરોડ વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે. રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ અને ૨૫૦ થી વધુ શહેરોમાં મળીને કુલ ૧૦,૦૦૦ બસોની ઘટ વર્તાઈ રહી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩,૫૦૦ બસોનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે અને નવા કોરિડોર (જેવા કે SP રિંગ રોડ-સાણથલ, શિલજ-સાનંદ, RTO-નરોડા) મંજૂર કરવામાં આવ્યા છે, પરંતુ વર્તમાન સ્થિતિમાં બસ સ્ટોપ પર કલાકો સુધી રાહ જોવી પડતી હોવાથી નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને મહિલાઓને ખાનગી વાહનો કે ઓટોરિક્ષા પર નિર્ભર રહેવું પડે છે.

### માફી નહીં, ફાંસી જ એકમાત્ર ઉપાય!

## અમદાવાદમાં સુરક્ષાના નામે ભક્ષક બનેલો ગાર્ડ 'હાફ એન્કાઉન્ટર'માં ઝડપાયો

અમદાવાદ (પવન માકન)



જેની પર રક્ષણની જવાબદારી હતી, તે જ રક્ષક જ્યારે ભક્ષક બની જાય ત્યારે સમાજનો વિશ્વાસ ડગમગી જાય છે. અમદાવાદ શહેરમાં સુરક્ષા ગાર્ડ તરીકે ફરજ બજાવતા નરાધમે એક યુવતીને પોતાની હવસનો ભોગ બનાવી સમગ્ર શહેરને શરમસાર કરી દીધું છે. બનાવ બાદ ભાગવાનો પ્રયાસ કરનાર આ નરાધમ આરોપીના પગમાં પોલીસે ગોળી મારીને તેને દબોચી લીધો છે. ગંભીર ગુનો આચર્યા બાદ હોસ્પિટલના બિછાનેથી 'મને એકવાર માફ કરી દો' તેવી કરગૃહા કરી રહેલા આ અપરાધીની દયાની ભીખ સામે સમગ્ર અબાલ-વૃદ્ધોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગુનો આચરીને ફરાર થઈ રહેલા આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કરતાં જ અમદાવાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીના પગમાં ગોળી મારી (હાફ એન્કાઉન્ટર) તેને જેલભેગો કર્યો છે. પોલીસની આ સરાહનીય અને આકરી કામગીરીથી અસામાજિક તત્વોમાં ખાખીનો ખોફ જરૂર ઊભો આ કેસની દૈનિક સુનાવણી ચલાવીને આરોપીને બને તેટલી ઝડપે ફાંસીના માંચડે લટકાવી દેવો જોઈએ. જ્યારે આવા ગુનેગારોને જાહેરમાં કે અત્યંત ઝડપથી દંડવામાં આવશે, ત્યારે જ સમાજમાં એક મજબૂત અને સ્પષ્ટ મેસેજ જશે કે નારી સન્માન સાથે ખીલવાડ કરનારનું પરિણામ માત્ર ને માત્ર મોત જ છે. જો કાયદાકીય પ્રક્રિયા વર્ષો સુધી લંબાશે, તો ગુનેગારોનો ખોફ પૂરો થઈ જશે.

જે ગાર્ડના ભરોસે મહિલાઓ કે યુવતીઓ સુરક્ષિત અનુભવે છે, તે ગાર્ડની પૃષ્ઠભૂમિ (Background Check) તપાસવામાં એજન્સીઓ કેમ બેદરકારી દાખવે છે?

## અકસ્માત સર્જીને લૂંટ ચલાવતી ગેંગનો પર્દાફાશ, કાલુપુર લૂંટ કેસમાં બે રીઢા ગુનેગારો ઝબ્બે

અમદાવાદ

અમદાવાદના કાલુપુરમાં ગઈકાલે રવિવારે વહેલી સવારે એક ટુ-વ્હીલર ચાલકને ટક્કર મારીને 2,39,000 રૂપિયાની રોકડ રકમની લૂંટની ઘટના સામે આવી હતી. આ ગુનાનો ભેદ ઉકેલવામાં અમદાવાદ શહેરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ઝોન-3 પોલીસને સફળતા મળી છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ લૂંટ કરનાર બે રીઢા આરોપીઓની ધરપકડ કરી છે અને તેઓની પાસેથી લૂંટની રોકડ રકમ સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગત 9 ઓગસ્ટના રોજ સવારે 6:15 વાગ્યે કાલુપુર ઘી કાંટા ચાર રસ્તા, બુટગલી પાસે ફરિયાદી પોતાનું ટુ-વ્હીલર લઈને પસાર થઈ રહ્યા હતા. આ સમયે આરોપીઓએ પોતાનું ટુ-વ્હીલર જાણી જોઈને ફરિયાદીના વાહન સાથે અથડાવીને તેમને નીચે પાડી દીધા હતા. ત્યારબાદ ફરિયાદી પાસેથી રોકડ રકમ ભરેલી થેલી ઝૂંટવીને તેઓ ફરાર થઈ ગયા હતા. ચોક્કસ બાતમીના આધારે LCB ઝોન-3 પોલીસે 10 ઓગસ્ટના રોજ આરોપી મોહમદ શાહરુખ ઉર્ફે કેલા અંસારી અને જાફર ઉસ્માનભાઈ શેખ (બંને રહે. રખિયાલ)ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા 2,39,000 રૂપિયા, બે મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલ વાહન સહિત કુલ 3,05,000 રૂપિયાનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા બંને આરોપીઓ રીઢા ગુનેગાર છે. મુખ્ય આરોપી મોહમદ શાહરુખ ઉર્ફે કેલા અંસારી અગાઉ મણીનગર, ખોખરા અને નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નકલી પોલીસ બનીને ગુના આચરવાના કેસમાં ઝડપાઈ ચૂક્યો છે.

આ ઉપરાંત તેની સામે ઓઢવ, અમરાઈવાડી અને ટ્રાફિક પોલીસ મથકોમાં પણ ચોરી તથા મારામારીના ગુના નોંધાયેલા છે. બીજા આરોપી જાફર શેખ સામે પણ રખિયાલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો હોવાનું ખુલ્યું છે.

### ટ્રાફિક પોલીસની RTOને ભલામણ

## અમદાવાદમાં ફેટલ અકસ્માત સર્જનારા 218 વાહનચાલકોના લાઈસન્સ સસ્પેન્ડ થશે!!

- **આ તમામ 218 લોકોના ડ્રાઈવિંગ લાઈસન્સ 3 થી 6 મહિના સુધી સસ્પેન્ડ કરવામાં આવશે.**
- **લાઈસન્સ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન આ ચાલકો કાયદેસર રીતે કોઈ પણ વાહન ચલાવી શકશે નહીં**
- **જો સસ્પેન્શન સમયગાળા દરમિયાન કોઈ વ્યક્તિ વાહન ચલાવતા પકડાશે, તો તેની સામે વધુ ગંભીર ગુનાહિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે**

અમદાવાદ

અમદાવાદ શહેરના રસ્તાઓ પર અવિચારી અને બેફામ ડ્રાઈવિંગ કરીને માસુમ લોકોનો જીવ જોખમમાં મૂકનારા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. શહેરમાં સતત વધી રહેલા માર્ગ અકસ્માતોને ડામવા અને કાયદાનું પાલન કરાવવા માટે પોલીસે એક મોટો અને કડક નિર્ણય લીધો છે. છેલ્લા ૬ મહિનામાં ગંભીર અકસ્માત સર્જનારા ૨૧૮ વાહનચાલકોના ડ્રાઈવિંગ લાઈસન્સ ૩ થી ૬ મહિના માટે રદ (સસ્પેન્ડ) કરવા માટે ટ્રાફિક પોલીસે આરટીઓ (RTO) ને સત્તાવાર ભલામણ કરી દીધી છે.



મદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, છેલ્લા ૬ મહિના દરમિયાન શહેરમાં કુલ ૭૭૫ માર્ગ અકસ્માતો નોંધાયા હતા. આ અકસ્માતોમાંથી ૨૧૮ અકસ્માત અત્યંત ફેટલ (જીવલેણ) સાબિત થયા હતા, જેમાં નિર્દોષ વાહનચાલકો કે રાહદારીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ટ્રાફિક વિભાગ દ્વારા તપાસ પૂર્ણ કર્યા બાદ જીવલેણ અકસ્માત સર્જનારા તમામ ૨૧૮ વાહનચાલકોની વિગતવાર યાદી તૈયાર કરીને પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (RTO) ને મોકલી આપવામાં આવી છે. ટ્રાફિક પોલીસની ભલામણ મુજબ: આ તમામ 218 લોકોના ડ્રાઈવિંગ લાઈસન્સ 3 થી 6 મહિના સુધી સસ્પેન્ડ કરવામાં આવશે. લાઈસન્સ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન આ ચાલકો કાયદેસર રીતે કોઈ પણ વાહન ચલાવી શકશે નહીં. જો સસ્પેન્શન સમયગાળા દરમિયાન કોઈ વ્યક્તિ વાહન ચલાવતા પકડાશે, તો તેની સામે વધુ ગંભીર ગુનાહિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અતિશય સ્પીડ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ, સિગ્નલ જમ્પિંગ અને દારૂ પીને વાહન ચલાવવાના કારણે શહેરમાં અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ટ્રાફિક પોલીસના આ નિર્ણયથી બેફામ વાહન ચલાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### 'Gen-Z સે ડર ગયા બૂમર મોદી'

## નવરંગપુરામાં સરકારી હોર્ડિંગ પર PMના પોસ્ટર પર વિવાદીત સ્ટીકર ચોંટાડતા FIR

અમદાવાદ

અમદાવાદના નવરંગપુરામાં રેલવે ફાટક નજીક આવેલા એક સરકારી હોર્ડિંગ પર પીએમ મોદીના પોસ્ટર પર કેટલાક અજાણ્યા શખ્સોએ વિવાદાસ્પદ સૂત્રો લખેલા સ્ટીકર લગાવ્યા હતા. ખાનગી હોર્ડિંગ પર આ પ્રકારના પોસ્ટર લાગતા કોન્ટ્રાક્ટ ધરાવતી કંપનીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. જોકે હાલ આ પોસ્ટર હટાવી દેવામાં આવ્યા છે. આ સ્ટીકરમાં 'ઝેન ઝી સે ડર ગયા બૂમર મોદી', 'સંઘી બૂમરને ઝેન ઝી કો મરવા દિયા' અને 'મોદીને મરવા દિયા' જેવા સૂત્રો લખવામાં આવ્યા હતા. અજાણ્યા શખ્સે સરકારી મિલકત સમાન હોર્ડિંગની ફ્રેમ, લાઈટિંગ અને અસલ પોસ્ટરને નુકસાન પહોંચાડ્યું છે. જેમાં ફ્રેમ અને લાઈટિંગ અને ઓરિજિનલ પોસ્ટર સહિત કુલ રૂપિયા 26,500નું નુકસાન થયું છે.જો કે પોલીસ ફરિયાદ દાખલ થયા બાદ આ વિવાદિત પોસ્ટર હટાવી લેવામાં આવ્યા હતા. સેલવેલ મીડિયામાં એડમિન મેનેજર કામ કરતા 48 વર્ષીય ચિરાગ ભાવસારે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, નવરંગપુરા રેલવે ફાટક પાસે આવેલા સાશ્વત બિલ્ડિંગની આગળના ભાગે કોર્નર પર અમદાવાદ મનપા દ્વારા ટેન્ડરથી ભાડે આપવામાં આવેલું હોર્ડિંગ લાગેલું છે. આ હોર્ડિંગનો ત્રણ વર્ષનો લીઝ કોન્ટ્રાક્ટ આંબાવાડી સ્થિત સેલવેલ મિડિયા સર્વિસિઝ પ્રા.લિ. પાસે છે. 5 ઓગસ્ટ, 2026ના રોજ સાંજે કંપનીના ધ્યાન પર આવ્યું હતું કે હોર્ડિંગ પર લાગેલી પીએમ સૂર્યઘર યોજનાની સોલાર પેનલની જાહેરાતવાળા અને પીએમ મોદીના ફોટાવાળા પોસ્ટર પર કોઈએ વિરોધ કરતા વિવાદાસ્પદ સ્ટીકર ચોંટાડી દીધા છે.




### સામાન્ય નાગરિકનું મકાન સીલ, પણ ખાનગી કંપની પર કોની મેહરબાની?

## ટોરેન્ટ પાવરના અબજોના ટેક્સ બિલ બાકી છતાં AMC નાકામ..!

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા (AMC) ની બેવડી નીતિ અને પક્ષપાતી વલણ સામે મોટો જનાક્રોશ ફાટી નીકળ્યો છે. એક તરફ સામાન્ય અને મધ્યમ વર્ગનો નાગરિક જો થોડો પણ મિલકત વેરો કે પ્રોપર્ટી ટેક્સ ભરવામાં વિલંબ કરે, તો AMC ની ટેક્સ સેન્ટ્રલ ટીમ તરત જ દરવાજે પહોંચીને ઘરમાં સીલ મારી દે છે. બીજી તરફ, વ્યાપારી ધોરણે કરોડો-અબજોનો નફો કરતી ખાનગી કંપની 'ટોરેન્ટ પાવર' (Torrent Power) ના અનેક ટેક્સ બિલ કરોડો રૂપિયાની રકમમાં બાકી હોવા છતાં AMC તંત્ર ઘોર નિંદ્રામાં ઝડપાયેલું છે!



સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનના બાકી લેણાંની યાદીમાં ટોરેન્ટ પાવરના અનેક ટેક્સ બિલ બોલે છે, છતાં તેમની સામે કોઈ સખત કાર્યવાહી કરવામાં આવતી નથી. આ અહેવાલે મ્યુનિસિપલ તંત્ર અને શાસકોની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. અમદાવાદના જાગૃત નાગરિકો અને કરદાતાઓ હવે સીધો સવાલ પૂછી રહ્યા છે કે, કાયદો શું માત્ર ગરીબ અને મધ્યમ વર્ગ માટે જ છે?

સામાન્ય નાગરિક સામે દાદાગીરી: જો સામાન્ય મધ્યમ વર્ગીય પરિવારે થોડા હજાર રૂપિયાનો ટેક્સ ભરવાનો બાકી રહી જાય, તો કડક નોટિસો ફટકારીને દુકાનો કે મકાનો સીલ કરી દેવામાં આવે છે. પાણી-ગટરના કનેક્શન કાપી નાખવાની ધમકીઓ અપાય છે.

ટોરેન્ટ પાવર પર ઉદાસીનતા કેમ?: વીજળીના દર સતત વધારીને અમદાવાદના નાગરિકો પાસેથી કરોડો રૂપિયા વસૂલતી ટોરેન્ટ પાવર કંપની જ્યારે AMC ને પોતાના હકના ટેક્સ બિલ નથી ચૂકવતી, ત્યારે તંત્રના હાથ કેમ બંધાઈ જાય છે? આ સમગ્ર મામલો સામે આવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી અને શાસકોની દાનત સામે અનેક સણસણતા સવાલો ઊભા થયા છે:

મેયર અને કમિશનર અજાણ છે કે પછી જાણીજોઈને મૌન?: શું અમદાવાદના પ્રથમ નાગરિક એવા મેયરશ્રીને આ અબજોના બાકી ટેક્સ બિલ અંગે કોઈ જાણકારી નથી? કે પછી આ મૌન પાછળ કોઈ મોટું આર્થિક કે રાજકીય કારણ જવાબદાર છે?

## અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની ચૂંટણી - 2026 માટે કોંગ્રેસના અધિકૃત ઉમેદવાર તરીકે સોનલબેન પટેલની પસંદગી!

અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા હસ્તકની મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની ચૂંટણી-૨૦૨૬ને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની મંજૂરીથી આ ચૂંટણી માટે પાર્ટીના અધિકૃત ઉમેદવાર તરીકે શ્રીમતી સોનલબેન પટેલની બિનહરીફ પસંદગી કરવામાં આવી છે.

શિક્ષણ સમિતિ અને સ્કૂલ બોર્ડમાં પ્રજાનો અને વિદ્યાર્થીઓનો અવાજ મજબૂત કરવાના હેતુથી કોંગ્રેસ પક્ષ દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

પક્ષ તરફથી સોનલબેન પટેલ પર પસંદગીનો કળશ

મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની ચૂંટણીઓ માટે યોગ્ય અને સક્રિય ઉમેદવારની પસંદગી કરવા અંગે લાંબા સમયથી મંથન ચાલી રહ્યું હતું. આખરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સત્તાવાર મંજૂરી બાદ શ્રીમતી સોનલબેન પટેલના નામ પર આખરી મહોર મારવામાં આવી છે. અધિકૃત ઉમેદવાર: સોનલબેન પટેલ કોંગ્રેસ પક્ષના અધિકૃત ઉમેદવાર તરીકે આ ચૂંટણી મેદાનમાં ઝંપલાવશે.

શિક્ષણ ક્ષેત્રે સુધારાનો દાવો: મ્યુનિસિપલ શાળાઓની ગુણવત્તા સુધારવા, ગરીબ વિદ્યાર્થીઓને પૂરતી સુવિધાઓ અપાવવા અને શાળા બોર્ડના સંચાલનમાં પારદર્શિતા લાવવા માટે પક્ષે તેમના અનુભવ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### "પૈસા કમાવાનો કાળો કારોબાર બંદ કરો!"

## ખાનગી હોસ્પિટલમાં જોઇનિંગના થોડા જ કલાકોમાં મહિલા ડોક્ટરે આપી દીધું રાજીનામું!

અમદાવાદ

આજના આધુનિક સમયમાં જ્યાં મેડિકલ ક્ષેત્રે 'સેવા' કરતાં 'મેડિકલ માફિયાગીરી' અને 'લૂંટ' ના કિસ્સાઓ વારંવાર સામે આવે છે, ત્યાં એક યુવા મહિલા ડોક્ટરે જે શૌર્ય અને ઈમાનદારી બતાવી છે તેણે સમગ્ર તબીબી આલમ અને સમાજ માટે નવો દાખલો બેસાડ્યો છે. એક ખાનગી હોસ્પિટલમાં કાર્યભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ મહિલા ડોક્ટરે હોસ્પિટલ મેનેજમેન્ટના કથિત અનૈતિક વલણ અને કમાણી ભૂખી નીતિઓના વિરોધમાં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.



સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા પોતાના વિડિયોમાં મહિલા ડોક્ટરે જે સણસણતા ખુલાસા કર્યા છે, તેણે ખાનગી હોસ્પિટલોમાં ચાલતી 'બિલ બનાવવાની ફેક્ટરીઓ'નો ખુલ્લેઆમ પર્દાફાશ કરી દીધો છે.

"દરેક દર્દીને ICU માં નાખો, બિલ મોટું બનાવો!" - હોસ્પિટલ તંત્રનો દબાવ : મહિલા તબીબે પોતાની પીડા અને હોસ્પિટલની ગંદી માનસિકતા ઉજાગર કરતાં જણાવ્યું કે, હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા તેમના પર એવું સતત દબાણ કરવામાં આવતું હતું કે: હોસ્પિટલમાં આવતા દરેક દર્દીને તેની કોઈ તબીબી જરૂરિયાત (Medical Requirement) ન હોય છતાં ઈમરજન્સી વોર્ડ અને ICU માં દાખલ કરી દેવા. દર્દીઓને જરૂર કરતાં વધુ દિવસો સુધી ICU માં રાખીને પરિવાર પાસેથી લાખો રૂપિયાનું બિલ વસૂલવું.

સારવાર સાથે જોડાયેલા તમામ નિર્ણયો દર્દીના સ્વાસ્થ્યને આધારે નહીં, પરંતુ માત્ર ને માત્ર હોસ્પિટલના કાઉન્ટર પર પૈસા વધારવાના હેતુથી લેવામાં આવતા હતા.

લાખો રૂપિયાનો પગાર અને ઊંચું પદ મેળવવા છતાં, આ યુવા મહિલા ડોક્ટરે તબીબી વ્યવસાયની પવિત્ર શપથ (Hippocratic Oath) અને દર્દીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપી.

તેમણે કોઈપણ ખચકાટ વિના પોતાની કારકિર્દીના પહેલા જ દિવસે આવી અનૈતિક હોસ્પિટલના મોઢા પર રાજીનામું ફેંકી દીધું.

સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ દેશભરના નાગરિકો આ સાહસિક મહિલા ડોક્ટરની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે "આવા સત્યનિષ્ઠ અને પ્રામાણિક ડોક્ટરોને 'પાક્કો ગુજરાત' સલામ કરે છે!"

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI